૨૩૮. स्वजनत्वेन हि अपेक्षितो जनोऽवंधुरपि म्रियमाणो दुःखमुत्पादयत्ति, न तु वंधुरपि परतया संकल्पितः ।

અર્થ– સ્વજન તરીકે સ્વીકારેલો અબંધુ પણ મરતાં દુઃખને ઉત્પન્ન કરે છે અને (સગો) બન્ધુ પણ પારકો માનેલો મરે તો પણ દુઃખ થતું નથી.

(મમત્વ જ મનુષ્યને દુઃખી કરે છે.)

૨૩૯. न हि उत्तमाः स्वप्नेऽपि नीचजनवार्त्तां शृण्वन्ति कुर्वन्ति वा ।

અર્થ– ઉત્તમ પુરુષો સ્વપ્નામાં પણ નીચ મનુષ્યની વાત સાંભળતાં નથી કે કરતાં નથી.

૨૪૦. स्तोकोऽपि शुभाध्यवसायो विशिष्ट गुणपात्र विषयो महाफलो भवति ।

અર્થ– થોડો પણ શુભ અધ્યવસાય (ભાવ) વિશિષ્ટ ગુણ-પાત્ર વિષયક મહાન ફળવાળો છે.

૨૪૧. विषयानुराग विरागयोरेव सर्वानर्थार्थमूलत्वात् ।

અર્થ– વિષયનો અનુરાગ સર્વ અનર્થનું મૂળ છે. વિષયનો વિરાગ સર્વ અર્થનું મૂળ છે.

૨૪૨. भावयितव्यं भवस्वरूपम् ।

અર્થ– સંસારસ્વરૂપનો વિચાર કરવો.

૨૪૩. कुतोऽपि वैगुण्यात् स्वयं गुणानुष्ठाना सामर्थ्येऽपि निविडगुणानुरागवशाद् भावातिशयतस्तदनुष्ठानफलवन्तो भवन्ति जन्तवः ।

અર્થ– [illegible]
[illegible]
[illegible]
ફળને પ્રાપ્ત કરનારા પ્રાણીઓ બને છે.
(જે શુભાનુયોગની અનુમાન નહિ કરતા છતાં પણ
શુભાનુમાન કરતા જેટલા લાભ શાસ્ત્રકારો બતાવે છે.)

૨૪૪. न निषेवा कुशीलसंसर्गः ।

અર્થ– કુશીલનો સંગ ન કરવો.

૨૪૫ नहि महान् मनो लज्जाभयादिभिरपि मनागपि गुर्वाज्ञा-
नुल्लघनम् । (ઉપદેશ પદ)

અર્થ– ઘણા સાધુઓ વગેરે લજ્જા ભય વગેરેના કારણે
પણ ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

૨૪૬. यथा हि शुक्लपक्षप्रवेशात् प्रतिपच्चन्द्रमाः परिपूर्ण चन्द्र-
मण्डल हेतुः सम्पद्यते तथा सर्वज्ञाऽऽज्ञानुप्रवेशात् तुच्छ-
मप्यनुष्ठानं क्रमेण परिपूर्णानुष्ठानहेतुः सम्पद्यते इति ।
(ઉપદેશ પદ)

અર્થ– જેમ શુક્લપક્ષમાં પ્રવેશ પામેલો એકમનો ચંદ્રમા
ક્રમશઃ પૂર્ણચંદ્રમંડળનો હેતુ બને છે તેમ
સર્વજ્ઞની આજ્ઞામાં પ્રવેશ કરવાથી સામાન્ય ધર્મા-
નુષ્ઠાન પણ ક્રમશઃ પૂર્ણ અનુષ્ઠાનનો હેતુ બને છે.

૨૪૭. बीजाधानं जिन मुनि प्रभृति पवित्र पदार्थ कुशल चित्ता-
दि लक्षणम् । (ઉપદેશ પદ)

અર્થ– બીજાધાન એટલે જિન, મુનિ, સંઘ, તીર્થ, આગમ
વગેરે ઉપર પ્રશસ્ત ચિત્તનો પરિણામ, પ્રશંસા,
વંદના સ્વરૂપ છે.

૨૪૮. गुणरागादवापैको वोधिवीजं न चापरः ।

અર્થ– ગુણના રાગથી એક ચોર બીજા ભવમાં બોધિબીજ પામ્યો અને બીજો ચોર ગુણદ્વેષથી બોધિબીજ ન પામ્યો.

(ચોરી કરવા નીકળેલા ગુફામાં મુનિને ધ્યાનમાં ઊભેલા જોઈને એક ચોરે મુનિની પ્રશંસા કરી, જ્યારે બીજા ચોરે નિંદા કરી, તેથી પ્રશંસા કરનાર ચોર બોધિબીજ પામ્યો, નિંદા કરનાર બોધિબીજ ન પામ્યો.)

૨૪૯. जो आणं वहुमन्नति सो तित्थयरं गुरुं च धम्मं च ।

(ઉપદેશ ૫૬)

અર્થ– જે જિનાજ્ઞાનું બહુમાન કરે છે તે તીર્થંકર, ગુરુ અને ધર્મનું બહુમાન કરે છે.

૨૫૦. जह किंपागफलाणं परिणामो न सुंदरो ।
तह भुत्ताण भोगाणं परिणामो न सुंदरो ॥

(ઉપદેશ પ્રાસાદ)

અર્થ– જેમ કિંપાક વૃક્ષના ફળોનું પરિણામ સુંદર નથી તેમ ભોગવેલા ભોગોનું પરિણામ (પણ) સુંદર નથી.

૨૫૧. पंचिंदिया मणुस्सा एगनर भुत्तनारिगब्भंमि ।
उक्कोसे नवलक्खा जायंति एगहेलाए ।

(ઉપદેશ પ્રાસાદ)

અર્થ– એક પુરુષથી ભોગવેલી નારીના ગર્ભમાં એક સાથે ઉત્કૃષ્ટથી નવ લાખ મનુષ્યો ઉત્પન્ન થાય છે.

૨૫૨. दंसणशुद्धिनिमित्तं तिक्कालं देववंदणाइयं ।

અર્થ– સમ્યગ્દર્શનની શુદ્ધિ નિમિત્તે ત્રિકાળ દેવવંદન પૂજા વગેરે છે.

૨૬૭. कष्टाकष्टयोश्च विशिष्ट कर्मक्षयं प्रत्यकारणत्वात् ।
(ભગવતીસૂત્ર)
અર્થ–કષ્ટાનુષ્ઠાન કે અકષ્ટાનુષ્ઠાન તે વિશિષ્ટ કર્મક્ષયમાં કારણ નથી. (વિશિષ્ટ કર્મક્ષયમાં જિનાજ્ઞાનું પાલન અને બહુમાન એ જ પ્રધાન કારણ છે, માત્ર કષ્ટાનુષ્ઠાન નહિ.)

૨૬૮. न हि एकस्मिन् समये बन्ध उदयश्च संभवति ।
અર્થ– એક સમયમાં બન્ધ અને ઉદય સાથે ન સંભવે. (જે સમયે જે કર્મ બાંધ્યું તે જ સમયે તે કર્મનો ઉદય ન હોય.)

૨૬૯. नारकक्षेत्रे बादराग्निकायस्याभावात् ।
અર્થ– નરકમાં બાદર અગ્નિ ન હોય.

૨૭૦. अनादि संसारे नारकत्वस्यानन्तशः प्राप्त पूर्वत्वात् ।
અર્થ– અનાદિ સંસારમાં નારકપણું અનંતીવાર જીવે પૂર્વે પ્રાપ્ત કરેલું છે.

૨૭૧. अतिविशुद्ध परिणामो हि नायुबन्धमारभते ।
(ઉપશમના કરણ)
અર્થ– અતિ વિશુદ્ધ પરિણામવાળો જીવ આયુષ્યના બન્ધનો આરંભ કરતો નથી.

૨૭૨. यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामचारतः ।
न स सिद्धिमवाप्नोति, न सुखं न परां गतिम् ॥
અર્થ– જે શાસ્ત્રોક્ત વિધિને છોડીને સ્વેચ્છાએ ચાલે છે તે સિદ્ધિગતિને, સુખને અને ઉત્તમ ગતિને પામતો નથી.

૨૭૩. यथा धेनुसहस्रेषु वत्सो विन्दति मातरम् ।
तथा पुराकृतं कर्म, कर्त्तारमनुधावति ॥

અર્થ– જેમ હજારો ગાયોમાં વાછરડું પોતાની માતાને શોધી લે છે તેમ પૂર્વે કરેલું કર્મ પણ તેના કરનાર પાછળ દોડે છે.

(કર્મ તેના કર્તાને શોધી કાઢે છે.)

૨૭૪. जो गिलाणं पडियरइ से मं पडियरइ ।
जो मं पडियरइ सो गिलाणं पडियरइ ।। (ઓઘનિર્યુક્તિ)

અર્થ– જે ગ્લાન સાધુની સેવા કરે છે તે મારી (તીર્થંકરની) સેવા કરે છે અને જે મારી (તીર્થંકરની) સેવા કરે છે તે ગ્લાન (બિમાર) સાધુની સેવા કરે છે.

૨૭૫. प्रत्युपेक्षणाकाले अतिक्रान्ते एकं कल्याणकं यतः प्रायश्चित्तं भवति ।

અર્થ– પડિલેહણનો સમય વિતી ગયા પછી પડિલેહણ સાધુ કરે તો એક કલ્યાણકનું પ્રાયશ્ચિત આવે.

(૧ કલ્યાણક=એક છઠ્ઠ)

(પાત્રા પડિલેહણનો કે વસ્ત્ર પડિલેહણનો વખત આવે તે જ વખતે પડિલેહણ સાધુ–સાધ્વીએ કરવું જોઇએ. ક્રિયાના કાળે કરેલી ક્રિયા ઇચ્છિત ફળને આપનારી થાય છે.)

૨૭૬. लोकः पृच्छति मे वार्ता, शरीरे कुशलं तव ।
कुतः कुशलमस्माकं, आयुर्याति दिने दिने ।।

અર્થ– લોક મને વાર્તા (શાતા) પૂછે કે તને શરીરે કુશળ છે ને? પરંતુ મને કુશળ ક્યાંથી હોય? કારણ કે દિવસે દિવસે આયુ વહી રહ્યું છે.

૨૭૭. न हि यथा देशनायां सर्वात्मना व्याप्रियमाणं मनोवाक्कायत्रयं फलमाप्नोति तथाऽन्यत्र कृत्यान्तरे ।

અર્થ– જે રીતે મોક્ષમાર્ગની દેશનામાં વર્ણવેલા મન-વચન
કાયાના યોગો રોકવાથી જેવું ધર્મધ્યાનનું ફળ
પ્રાપ્ત થાય તેવું ફળ બીજા ધર્મકાર્યોમાં પ્રાપ્ત
થતું નથી. (આગમાનુસારી વાણીને મન-વચન-
કાયાના યોગો પૂર્ણ જ સ્થિર રહેવાથી પણ નિર્જરા
થાય છે.)

૨૭૮. महागुणत्वाद् वचनोपयोगस्येति ।
અર્થ– (જિન) વચનનો ઉપયોગ મહાગુણકારી છે.

૨૭૯. यादृशं भावनाज्ञानेन वस्तु दृश्यते न तथा श्रुतज्ञानेनेति ।
અર્થ– ભાવનાજ્ઞાનથી જેવી વસ્તુ દેખાય તેવી શ્રુતજ્ઞાનથી
ન દેખાય. (શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન
એમ જ્ઞાનના ત્રણ પ્રકારો છે.)

૨૮૦. क्रियाकाले क्रियायामेव चित्तावस्थानं विधेयं ।
અર્થ– ક્રિયા કરવા કાળે ક્રિયામાં જ ચિત્તને સ્થિર કરવું
જોઈએ.

૨૮૧. परिपक्वे हि भव्यत्वे प्रतिक्षणं वर्द्धन्ते एव जीवानां शुभ-
तराः परिणतयः इति ।
અર્થ– ભવ્યત્વનો પરિપાક થતાં જીવોનો શુભ પરિણામ
પ્રતિક્ષણે વૃદ્ધિ પામતો રહે છે.
(તથા ભવ્યત્વના પરિપાક વિના તો તીર્થંકર અને
તીર્થંકરની આજ્ઞા પ્રત્યે હાર્દિક બહુમાન જ ન જાગે.)

૨૮૨. अपेक्षाया दुःखरूपत्वादिति ।
અર્થ– અપેક્ષા દુઃખરૂપ છે. (જ્યાં પર વસ્તુની અપેક્ષા
આવી ત્યાં ઓછાવત્તા પ્રમાણમાં દુઃખ આવ્યું
સમજો.) માટે સુખી થવા અપેક્ષા ઘટાડો.

૨૮૩. पूआ पच्चक्खाण पडिक्कमणं पोसहो परोवयारो ।
पंच पयारा जस्स उ, न पयारो तस्स संसारो ।।
અર્થ– પૂજા, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ, પૌષધ અને પરોપકાર આ પ્રકારો જેની પાસે છે, તેનું પતન સંસારમાં થતું નથી. (આ પાંચ પ્રકારથી ઉપાસનાથી પાપો જાય છે અને પુણ્ય આવે છે.)

૨૮૪. स्त्रीणां श्रीणां च ये वश्याः, तेऽवश्यं पुरुषाधमाः ।
स्त्रियः श्रियश्च वश्यास्ते, अवश्यं पुरूषोत्तमाः ।।
અર્થ– જે પુરુષો સ્ત્રીઓને અને લક્ષ્મીને આધીન (પરવશ) છે તે અવશ્ય અધમપુરૂષો છે. અને જે પુરુષોએ સ્ત્રીઓ અને લક્ષ્મીને પોતાને આધીન કરી છે તે ઉત્તમ પુરુષો છે. પુરુષ ઉપર સ્ત્રી અને શ્રીનો કાબુ ન જોઇએ. પરંતુ પુરુષનો સ્ત્રી અને શ્રી ઉપર કાબુ જોઇએ. સ્ત્રી અને શ્રીની ગુલામીમાંથી મુક્ત બને તે જ સાચો પુરુષ કહેવાય.

आपदि मित्रपरीक्षा, शूरपरीक्षा रणांगणे भवति ।
वचने वंशपरीक्षा, स्त्रियः परीक्षा तु निर्धने पुंसि ।
અર્થ– આપત્તિમાં મિત્રની પરીક્ષા, યુદ્ધભૂમિમાં શૂરવીરની પરીક્ષા, વચનમાં વંશની (કુલની) પરીક્ષા; અને પતિની નિર્ધનતામાં સ્ત્રીની પરીક્ષા છે.

૨૮૬. आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।
संकाए सम्मत्तं, पव्वज्जा अत्थरागेण ।।
અર્થ– આરંભમાં દયા નથી, સ્ત્રીસંગથી બ્રહ્મચર્યનો નાશ થાય, જિન વચનમાં શંકા કરવાથી સમકિતનો નાશ થાય અને ધનરાગથી પ્રવજ્યાનો નાશ થાય. (આરંભ એટલે જીવનાશક પ્રવૃત્તિ.)

૩૩૨. मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं तमः ।
मिथ्यात्वं परमः शत्रु, मिथ्यात्वं पदमापदां ॥

અર્થ– મિથ્યાત્વ પરમ રોગ છે, મિથ્યાત્વ પરમ અંધકાર છે, મિથ્યાત્વ પરમ શત્રુ છે (અને) મિથ્યાત્વ આપત્તિઓનું સ્થાન છે. (જીવનમાંથી આ એક મિથ્યાત્વનું મૂળ પાપ જાય તો પાપનું ઝાડ પડ્યા વિના ન રહે.)

મિથ્યાત્વનું મૂળ સલામત રહેવાથી જ પાપવૃક્ષ હંમેશાં લીલુંછમ રહે છે. તમામ પાપોના તાગડધિન્ના આ મિથ્યાત્વના પાપ ઉપર છે. પાપને પાણી ચઢાવનાર મિથ્યાત્વનું પાપ છે.

મિથ્યાત્વના ઘોર પાપને કાઢવા ભગવાન મહાવીરે કહેલી વાતોનો સત્ય તરીકે સંપૂર્ણ સ્વીકાર કરો. ભગવાન મહાવીર વીતરાગ સર્વજ્ઞ હોવાથી તેમને અસત્ય બોલવાનું કોઈ જ કારણ નહોતું.

૩૩૩. दोषहेतोर्गुणस्यापि दोषत्वेन भणनात् ।

અર્થ– પરિણામે દોષમાં પરિણમતો ગુણ પણ દોષ રૂપ કહેવાય. (ગુણ પણ દોષનો હેતુ બનતો હોય તો તે ત્યાજ્ય છે.)

૩૩૪. यो धर्मः परिणतावधर्मो भवति, स धर्म एव नोच्यते ।

અર્થ– જે ધર્મ પરિણતિમાં અધર્મ બનતો હોય તે ધર્મ જ ન કહેવાય. (સકામ ધર્મસાધના પરિણામે અધર્મમાં પરિણમતી હોય છે.)

૩૩૫. आणा खंडणकारी जइ वि तिकालं महाविभूईए ।
पुएइ वीयरागं, सव्वंपि णिरत्थयं तस्स ॥

(उपदेशपदवृत्तौ)

અર્થ– જિનાજ્ઞાનું ખંડણ કરનારો ભલે ત્રિકાળ મોટી વિભૂતિથી જિનેશ્વરને પૂજે તો પણ તે સર્વ નિરર્થક છે. (જેની પૂજા કરવી છે તેની આજ્ઞાનું પાલન કરવું નથી તો તે પૂજા કેવી? 'ચાકર તેરા, કહ્યા ન કરૂં' તેના જેવી વાત છે.

૩૩૫. णाणं चरित्तहीणं लिगग्गहणं च दंसणं विहूणं ।
संजमहीणं च तवं, जो चरइ णिरत्थयं तस्स ॥

અર્થ– જ્ઞાન ચારિત્ર્યહીન, શ્રમણલીંગ સમ્યગ્દર્શન હીન, તપ સંયમહીન આ ત્રણે નિરર્થક છે.

(ચારિત્ર્યયુક્ત જ્ઞાન, સમ્યગ્દર્શનયુક્ત સાધુવેશ અને સંયમયુક્ત તપ આ ત્રણે સફળ છે.)

૩૩૬. आज्ञावाह्यमनुष्ठानं तुषखण्डन मृत मंडनादि कल्पं ।

અર્થ– આજ્ઞા બાહ્ય અનુષ્ઠાન ફોતરાને ખાંડવા અને મડદાને શણગારવા બરાબર છે.

૩૩૭. परतित्थिआण पणमण उब्भावण थुणण भक्तिरागं च ।
सक्कारं सम्माणं दाणं विणयं च वज्जेइ ।

અર્થ– પર તિર્થીકોને પ્રણામ, પર સમક્ષ ગુણ વર્ણન, તેની આગળ સ્તવના, વસ્ત્રાદિના સત્કાર, સન્માન, ભક્તિરાગ, દાન અને વિનયનો ત્યાગ કરવો.

(સમ્યગ્દષ્ટિ આત્માએ)

૩૩૮. तीर्थकरनाम्नः सत्तायाः कारणं सामान्यतः तीर्थाराधनमेव ।

અર્થ– તીર્થંકર નામકર્મની સત્તાનું કારણ સામાન્યથી તીર્થની આરાધના જ છે.

૩૩૯. केवलनाम्ना साम्यं च अकिञ्चित्करमेव । नहि तुल्य नाम्नो राजारङ्कयोः रङ्कोपि राज्याधिपतिर्भवितुमर्हति ।

અર્થ- કેવળ નામથી સામ્ય એ અકિંચિત્કર છે (કામનું નથી.) સમાન નામવાળા રાજા અને રંક હોવા માત્રથી રંક રાજ્યાધિપતિ બનવા માટે યોગ્ય નથી

૩૪૦. अत एव जैनाभासैः सह प्रवचन सार्धर्मिकत्वाभावः ।

અર્થ- એથી જ જૈનાભાસ સાથે પ્રવચનથી સાધર્મિકનો અભાવ છે. ભલે નામ માત્રથી જૈન કહેવાતા હોય પરંતુ જિનાજ્ઞાનો અભાવ હોવાથી તે જૈનાભાસો છે. (નામ માત્રથી જ જૈન છે)

૩૪૧. न हि जैन प्रवचन बाह्यस्य जैनत्वं सम्भवति ।

અર્થ- જૈન પ્રવચનથી બહારમાં જૈનત્વ સંભવતું નથી.

૩૪૨. यस्य अर्हति भक्तिः तेनोन्मार्गावज्ञापूर्वक मार्गश्लाघा कर्त्तव्या परस्परा विना भावित्वात् । (સર્વજ્ઞશતક)

અર્થ- જેને અરિહંત ઉપર ભક્તિ હોય તેણે ઉન્માર્ગની અવજ્ઞાપૂર્વક શુદ્ધ માર્ગની પ્રશંસા કરવા જોઇએ. જ્યાં અરિહંત ભક્તિ છે ત્યાં ઉન્માર્ગની અવજ્ઞાપૂર્વક માર્ગ પ્રશંસા હોય જ, અને જ્યાં ઉન્માર્ગની અવજ્ઞાપૂર્વક માર્ગશ્લાઘા હોય ત્યાં અરિહંતની ભક્તિ હોય જ. આ રીતે પરસ્પર અવિનાભાવ છે. (અવિનાભાવ એટલે એક બીજા વગર ન રહેવાપણું.)

૩૪૩. कारणं कार्यात्पूर्वभावि पश्चाद् भावि च कार्यम् ।

અર્થ- કારણ કાર્યની પૂર્વે હોય અને કાર્ય પછી હોય.

૩૪૪. आज्ञा हि धर्म शरीरे जीवकल्पा । (પ્રવચન પરીક્ષા)

અર્થ– આજ્ઞા ધર્મરૂપી શરીરમાં પ્રાણસમાન છે. (ધર્મનો પ્રાણ જિનાજ્ઞા છે.) જયાં જિનાજ્ઞા ત્યાં ધર્મ.

૩૪૫. अवश्य भाविनो वस्तुतः स्थगिति र्बलवताऽपि कर्तु मशक्या ।

અર્થ– અવશ્ય બનનારી વસ્તુને રોકવા બળવાન પણ સમર્થ નથી.

(ભાવિભાવને મિથ્યા કરવા કોણ સમર્થ છે ?)

૩૪૬. जैन धर्म हि क्षायिकभाववर्तिन एवार्हन्त उपदिशन्ति । भिन्न प्ररूपणामूलयो रागद्वेषयोरभावात् ।।

અર્થ– જૈન ધર્મનો ઉપદેશ ક્ષાયિકભાવમાં વર્તતા તીર્થંકરો કરે છે. તેથી ભિન્ન પ્રરુપણા મૂલક રાગ-દ્વેષનો અભાવ છે. (જેઓમાં રાગદ્વેષ હોય તેની પ્રરૂપણામાં ફેરફાર આવે. પણ તીર્થંકરો તો બધા કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી જ ઉપદેશ આપતા હોવાથી બધા જ તીર્થંકરોનો ઉપદેશ એક સરખો હોય છે. (બધા જ સર્વજ્ઞોના કથનમાં એક વાકયતા હોય છે.)

૩૪૭. न हि जैन प्रवचने किमपि तदस्ति यत्कस्यापि निंदास्पदं स्यात् ।

અર્થ– જૈન પ્રવચનમાં એવું કંઈ પણ નથી કે કોઈને પણ નિંદાનું કારણ બને.

૩૪૮. यावत्कायिक व्यापारस्तावदारम्भादि सभवः, न च तद् भित्या संयमाद्यनुष्टानमपि परिहर्त्तव्यं ।

અર્થ– જ્યાં સુધી કાયિક પ્રવૃત્તિ છે ત્યાં સુધી આરંભાદિને
સંભવ રહેવાનો. પણ તેના ભયથી સંયમનું અનુ
ષ્ઠાન નહિ છોડવું જોઇએ. (દા. ત. વિહારમાં નદી
ઉતરતાં પાણી વગેરેના જીવોની વિરાધના થાય છે
પરંતુ વિહાર કરવામાં ઘણા લાભો છે, તેથી ભગ
વાને સાધુઓને જયણાપૂર્વક નદી ઉતરવાનું
જણાવ્યું છે.)

३४६ प्रव्रजितेन साधुना नैकत्र स्थेयं, कुलादिप्रतिबन्धेन बहु दोष
सम्भवात्. किन्तु ग्रामादिषु विहर्तव्यमेव ।

અર્થ– દીક્ષિત સાધુએ એક સ્થાને ન રહેવું, કારણ કે
એક જ સ્થાને કાયમ રહેવાથી ગૃહસ્થોના કુટુંબ વગેરે
સાથે મમત્વભાવ બંધાવાથી ઘણા દોષો ઉત્પન્ન થવાનો
સંભવ છે. તેથી અવશ્ય સાધુએ એક ગામથી બીજે
ગામ વિહાર કરવો જ. (સાધકે રાગ મમત્વથી
દૂર રહેવાનું છે) રાગ મમત્વથી જ્ઞાનાદિ ગુણોનો
નાશ થાય છે. સાધુને એક જગ્યાએ બહુ રહેવાથી
પરિગ્રહ વધવાનો પણ પૂર્ણ સંભવ છે.

સર્વ જીવ હિતકર શાસન ઉપર શત્રુઓ ચઢી આવ્યા હોય તે વખતે છતી શક્તિએ શાન્ત બેસી રહેવું તે ભયંકર કોટિનો અપરાધ છે. શાસન રક્ષા કરશે તેને જ પુનઃ આ શાસન મળશે.

૩૫૧. यथा साक्षात् सरागदृष्ट्या नारी निरीक्षणं पापं तथा चित्र लिखित नारी निरीक्षणमपि पापं, तद् दर्शनात् तत्स्मृतिः। " चित्तभित्ति न निज्झाए इत्यादि."

અર્થ– જેમ સાક્ષાત સરાગદૃષ્ટિથી નારીનું નિરીક્ષણ કરવું પાપ છે તેમ ચિત્રમાં કે ફોટામાં ચિતરેલી કે પાડેલી સ્ત્રીને જોવી તે પણ પાપ છે. કેમ કે તે જોવાથી મૂળ સ્ત્રીનું સ્મરણ થાય છે.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે:—

ભીંત ઉપર સ્ત્રીનું ચિત્ર હોય તો તે પણ જોવું નહિ. (નિમિત્તની અસર આ જીવ ઉપર ઘણી છે, માટે આત્માર્થીએ ખરાબ નિમિત્તોથી સદા દૂર રહેવું.)

૩૫૨ प्रायः तीर्थप्रवाहे अच्छिन्न तीर्थ परिपाटयामपवादेन प्रवृत्तिः।

અર્થ– પ્રાયે કરીને અવિચ્છિન્ન તીર્થની પરંપરામાં અપવાદથી પ્રવૃત્તિ ચાલે છે. એકલા ઉત્સર્ગ માર્ગથી આ શાસનની પરંપરા ન ચાલે.

જૈન શાસનરૂપી રથ ઉત્સર્ગ અને અપવાદરૂપી બે પૈડાથી જ ચાલે છે. માટે માત્ર ઉત્સર્ગ માર્ગી કે માત્ર અપવાદ માર્ગી ન બનવું.

(એકલો ઉત્સર્ગ માર્ગ તો જિનકલ્પી વગેરે મુનિઓ માટે જ હિતાવહ છે.)

[illegible]

અર્થ– [illegible]

[illegible]

અર્થ– આભાસ પણ પૂર્વબાદિ વાસ્તવિક વસ્તુને આશ્રીને જ પ્રવર્તે છે. (રાતના અંધારામાં દોરડામાં સર્પનો આભાસ વાસ્તવિક સર્પ જેવી વસ્તુ જગતમાં છે તો થાય છે.

३५८. साधु विरहित देशे श्रावकस्य निवासो न युक्तः ।

અર્થ– સાધુ રહિત દેશમાં શ્રાવકે રહેવું યુક્ત નથી. પરદેશમાં જનારા જૈનોએ આ વાત મન ઉપર લેવા જેવી છે. પરદેશોમાં જનારા ઘણા જૈનોનું જૈનત્વ પડી ગયું. માટે જૈનત્વની રક્ષા ખાતર પરદેશ જવાનો મોહ છોડવા જેવો છે. પરદેશમાં પુણ્ય હશે તો પૈસો મળશે, પણ ત્યાંનાં ભયંકર પાપો વળગી પડશે. પૈસા માટે આ માનવજીવન નથી, પરંતુ પાપોને છોડવા માટે આ જીવન છે એ વાત ભૂલવી ન જોઈએ. આજના કાળે તો પરલોકને સાવ

ભૂલાવી દે તે 'પરદેશ' એ વ્યાખ્યા બરાબર લાગે છે.
પરદેશમાં જવું એટલે પાપના દેશમાં જવું.

३५७. भावपूजा द्रव्य पूजया सापेक्षा, द्रव्य पूजा विपयस्यैव भाव पूजा विपयत्वात्, यो द्रव्य पूजा योग्यो न भवति स भाव पूजा योग्योऽपि न भवति यथा निन्हव:

अर्थ– ભાવપૂજા દ્રવ્યપૂજાને સાપેક્ષ છે. કારણ કે દ્રવ્ય-પૂજાનો જે વિષય છે તે જ ભાવપૂજાનો વિષય છે. (અહીંયા વિષય તરીકે જિનેશ્વર દેવ છે) જે દ્રવ્ય-પૂજાને યોગ્ય નથી તે ભાવપૂજાને યોગ્ય નથી. જેમ નિન્હવ.

३५८. उपकार्य अपेक्षया उपकारी बलवत्।

અર્થ– ઉપકાર્યની અપેક્ષાએ ઉપકારી બળવાન છે.

३५९. यथाख्यातमेव चारित्रमुत्कृष्टो भावस्तव: यद्यपि तीर्थं प्रवृत्तिहेतु सामायिकच्छेदोपस्थापनीये भव तरतथापि तयो-रप्याराधनं तदर्थमेव।

અર્થ– યથાખ્યાત ચારિત્ર જ ઉત્કૃષ્ટ ભાવસ્તવ છે. જો કે તીર્થ પ્રવૃત્તિના હેતુ સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર છે, તો પણ તે બંનેની આરાધના પણ યથાખ્યાત ચારિત્ર માટે જ છે.

३६०. गुरुमन्तरेण दीक्षा न संभवति, दीक्षामन्तरेण च सिद्धांता-ध्ययनमपि न संभवति।

અર્થ– ત્યાગી ગુરુ વગર દીક્ષા સંભવતી નથી અને દીક્ષા વિના સિદ્ધાંતનું અધ્યયન સંભવતું નથી.

૩૬૧. आभिनिवेशमिथ्यात्वं हालाहल विषकल्पं, नियमादनन्त संसारपरिभ्रमण हेतुः ।

અર્થ- આભિનિવેષિક મિથ્યાત્વ હળાહળ ઝેર જેવું છે. નિયમા અનંત સંસાર ભ્રમણનો હેતુ છે

૩૬૨. केवलसूत्रं सिद्धांत एव न भवति ।

અર્થ- કેવળ સૂત્ર સિદ્ધાંત જ નથી.

(પંચાંગી આગમ એ જ સિદ્ધાંત છે.)

૩૬૩. दारिद्यं दोहग्गं कुजाइकुशरीर कुमइ गइओ ।
अवमाण रोअसोआ न हुंति जिणबिंब कारीणं ॥

અર્થ- જિનબિંબ જે કરાવે (ભરાવે) તેને દારિદ્રય, દૌભાગ્ય, કુજાતિ, કુશરીર, કુમતિ, કુગતિ, અપમાન, રોગ શોક થતા નથી.

૩૬૪. उत्पत्तिः पुनर्युगपत् तीर्थस्य, विगमोऽपि युगपद् भवति ।

અર્થ- તીર્થની ઉત્પત્તિ પણ એક સાથે થાય છે અને નાશ પણ એક સાથે થાય છે.

' चाउव्वण्णो संघो तित्थं ' ચતુર્વિધ સંઘ તે તીર્થ

૩૬૫. तीर्थं तु दुप्पसभाचार्य पर्यन्तं ।

અર્થ- તીર્થ તો દુપ્પસહસૂરિ સુધી ટકવાનું છે.

૩૬૬. सर्वेऽपि ऋजुजड ऋजुप्राज्ञ वक्रजडलक्षणा 'मुक्ति पथिकाः' त्रिलोकजन पूजिताश्च भवन्ति । सर्वेऽप्य विशेषणवाग्व्याख्यानम् । कालानुभावात् यो दोषः सो अकिंचित्कर एव, न हि तद् दोषेणाराधक पदमपि न भवति ।

અર્થ- ઋજુ જડ, ઋજુ પ્રાજ્ઞ, વક્ર જડ સર્વ પણ સાધુઓ મુક્તિમાર્ગના પથિકો છે. ત્રણ લોકને પૂજ્ય છે

સર્વે એક સરખા આરાધ્યસ્થાન છે. દુષમકાળના પ્રભાવથી જે તેઓમાં (સાધુઓમાં) દોષ દેખાય છે તે નહિવત્ જ છે. કાલના પ્રભાવે સૂક્ષ્મ દોષના કારણે તેઓ આરાધ્યસ્થાન પણ નથી એમ નહિ. અર્થાત્ આરાધ્યસ્થાન છે.

૩૬૭. गुरुपारतंत्र्याभावे च सूत्रार्थनिश्चयोऽपि न संभवति ।

અર્થ– ગુરુ પારતંત્ર્યના અભાવમાં સૂત્રાર્થનો નિશ્ચય સંભવતો નથી.

૩૬૮. कारणिकोऽपवाद: उत्सर्गादपि बलवान् भवति, यदाहु: श्री हेमाचार्यपादा: उत्सर्गादपवादो बलीयान् इति न्यायसूत्रे ।

અર્થ– કારણિક અપવાદ એ ઉત્સર્ગથી પણ બળવાન છે. એ પ્રમાણે શ્રી હેમચંદ્રસૂરિજીએ ન્યાયસૂત્રમાં કહ્યું છે.

૩૬૯. यावदपवाद प्रयोजनं न पतति तावदुत्सर्ग एव बलवान् ।

અર્થ– જ્યાં સુધી અપવાદનું પ્રયોજન (કામ) પડતું નથી ત્યાં સુધી ઉત્સર્ગ જ બળવાન છે.

૩૭૦. क्षेत्रादयश्च कर्म्मणो भवन्ति उदयादिकारणं ।

અર્થ– ક્ષેત્ર કાળ આદિ કર્મના ઉદય ક્ષયોપશમ આદિમાં કારણ બને છે.

૩૭૧. मिथ्यानुष्ठानोपात्तात् पुण्याद अभिष्वङ्ग: जायतेदृढम् ।

અર્થ– મિથ્યા અનુષ્ઠાનથી ઉપાર્જેલા પુણ્યથી દૃઢ આસક્તિ ઉત્પન્ન થાય છે.

૩૭૨. अशुभचिन्ता धर्मविरोधीनी ।

અર્થ– અશુભ ચિંતા ધર્મની વિરોધી છે.

૩૮૪. संसारम्मि असारे, नत्थि सुहं वाहि वेयणा पउरे।
जाणंतो ईह जीवो, न कुणइ जिण देसियं धम्मं ॥

અર્થ– વ્યાધિ વેદના બહુલ એવા સંસારમાં સુખ નથી. આવું જાણવા છતાં જીવ જિનપ્રણિત ધર્મને આરાધતો નથી. (દુઃખ, દર્દ અને દોષોથી ભરેલી આ દુનિયામાં સુખની કલ્પના કરવી તે મૂર્ખાઈ છે.)

૩૮૫. अशुभानुबन्धतोऽनन्त संसारः (ઉપદેશ પદ)

અર્થ– અશુભ કર્મના અનુબંધથી અનંત સંસારની પ્રાપ્તિ થાય છે

૩૮૬. शुद्धाः प्रसिद्धिमायांति लघवोऽपीह नेतरे।
तमस्यपि विलोकयन्ते दन्तिदन्ता न दन्तिनः ॥

અર્થ– નાના પણ શુદ્ધ પુરુષો પ્રસિદ્ધિને અહિં પામે છે, બીજા નહિ. અંધારામાં પણ હાથી દેખાતો નથી, પરંતુ હાથીના સફેદ દૂધ જેવા દાંત દેખાય છે.

૩૮૭. ज्ञानश्रद्धानाभावे दोष निवृत्तावपि जीवो दोषेष्वनिवृत्त एव द्रश्यः

અર્થ– જ્ઞાન શ્રદ્ધાના અભાવમાં દોષની નિવૃતિમાં પણ જીવ દોષથી અનિવૃત્ત જ જાણવો. (દોષનું જ્ઞાન ન હોય અને દોષથી નિવૃત્ત થવા જેવું જ છે તેવી હૈયે શ્રદ્ધા ન હોય અને કદાચ કોઈ લોભ લાલચ કે ભયના કારણે તત્કાલ પૂરતો દોષથી નિવૃત્ત થાય તો પણ પારમાર્થિક દૃષ્ટિએ તે દોષથી અનિવૃત્ત જ જાણવો) હિંસાદી અને રાગાદિ દોષોનું યથાર્થ જ્ઞાન પણ જોઈએ અને આ દોષો મારા આત્મા માટે જરાયે હિતકારી નથી એવી શ્રદ્ધા

સાથે દોષોથી નિવૃત્ત થવું જોઈએ. હૃદયમાં દોષોનો જરાય પક્ષપાત રહેવો ન જોઈએ

૩૮૮. सत्क्रियाऽनिवृत्तिरूपत्वाद् व्रतपरिणामस्य ।

અર્થ– વ્રતનો પરિણામ સત્કીયાની અનિવૃત્તિ રૂપ છે. (વ્રતનો પરિણામ હૈયામાં હાજર હોય તો સત્ ક્રિયામાં પ્રવૃત્તિ કરાવે જ.) વ્રતનો પરિણામ અને અસત્ ક્રિયા વારિવૈશ્વાનલની માફક એક સાથે રહી શકતાં નથી.

૩૮૯. दव्वादिया न पायं सोहणभावस्स होंति विग्घकरा । बाह्यक्रियास्तु बहिर्व्यापाररूपा कायिकायादयः पुनस्तथा यादृशा द्रव्यादयो वर्त्तन्ते तादृशा एव भवन्ति ।

અર્થ– પ્રતિકુલ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રાયે કરીને શુભ ભાવવાળાને વિઘ્ન કરનારા બનતા નથી. કાયિકયાદિ બાહ્ય ક્રિયાઓ તો બાહ્યવ્યાપાર રૂપ છે. તેથી જેવા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ હોય તે પ્રમાણે થાય છે. (દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ અનુકુળ હોય તો બહારમાં કાયિકયાદિ ક્રિયા બરાબર થાય અને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રતિકૂળ હોય તો બહારમાં બાહ્યક્રિયા અલ્પ દેખાય. પણ હૃદયમાં શુભ ક્રિયાનો દૃઢ રાગ (પક્ષપાત) બેઠો છે તો ચારિત્રને ક્ષતિ પહોંચતી નથી. દા. ત. હૃદયમાં દાનની તીવ્ર રૂચિ છે, પણ નિર્ધનતાના કારણે બહારમાં મોટાં દાન દઈ શકતો નથી, તેથી તેનામાં દાનરૂચિ નથી એમ ન કહેવાય. હૃદયમાં તપની તીવ્ર રૂચિ છે, પરંતુ શારીરિક પ્રતિકૂળતા વગેરે કારણે વિશિષ્ટ તપ ન કરી શકતો

હોય તો પણ તપનો પરિણામ (પક્ષપાત) છે, તો તે તપસ્વી જ કહેવાય. કાયાથી તપ કરે તે જ તપસ્વી એવું એકાંતે જૈન શાસનમાં નથી.

કોઈની માત્ર બાહ્ય ક્રિયા જોઈને જ તેના માટે જલ્દી અભિપ્રાય બાંધી લેવા જેવો નહિ. કુરગડુ ઋષિની બાહ્ય ક્રિયા જોઈને પેલા ચાર તપસ્વીઓએ ઝટ અભિપ્રાય બાંધી લીધો કે 'આ તો પેટ-ભરો છે', તો પાછળથી પસ્તાવાનો અવસર આવ્યો.

કોઈના અંતરના પરિણામ કેવા છે તેની છદ્મસ્થ આત્માને શું ચોક્કસ ખબર પડે?

૩૯૦. चारित्रिणो द्रव्याद्यापिद्यपि न भावः परिवर्त्तते ।

અર્થ– દ્રવ્યાદિની આપત્તિમાં પણ ચારિત્રી આત્માનો ભાવ ફરતો નથી.

૩૯૧. यथाशक्त्याज्ञा परिपालनस्यैव चारित्ररूपत्वात्, तस्य च सांप्रतमपिभावात् ।

અર્થ– યથાશક્તિ જિનાજ્ઞાનું પાલન જ ચારિત્રરૂપ છે. અને તે વર્તમાનકાળમાં પણ છે.

વર્તમાન દુઃષમકાળમાં જે પ્રમાણે પોતાની શારીરિક અને માનસિક શક્તિ હોય તે મુજબ જિનાજ્ઞાનું પાલન કરતા સાધુઓમાં ચારિત્ર છે જ.

(દરેક વસ્તુ કાળ પ્રમાણે હોય.)

આજે પહેલા જેવા બળ બુદ્ધિ ક્યાં છે? આજે પહેલા જેવા ધાન્ય ક્યાં છે? છતાં જે કાળે જેવું મળે તેનાથી જીવન નિર્વાહ કરવાનો હોય છે. તેમ ભગવાન મહાવીરના સમયના સાધુઓ જેવું સંયમ

વર્તમાનના દુર્બળ સંઘયણવાળા સાધુઓનું ન હોય તેથી તે સાધુ જ નથી એમ ન કહેવાય. કાળની અસર ઓછા-વત્તા પ્રમાણમાં દરેકને થાય છે. માટે તો પાંચ કારણોમાં કાળને પણ એક કારણ ગણવામાં આવ્યું છે.

કાળ પણ કાર્યમાં કારણભૂત છે.

૩૯૨. व्रतस्य सर्वदा स्मरणं गुणिजनानां बहुमानं
व्रतप्रतिपक्षिणो जुगुप्सा परिणामस्य पर्यालोचना
तीर्थंकरस्य भक्तिः साधोः सेवा
एतैः गुणैः अनुत्पन्नो भावः उत्पद्येत उत्पन्नस्तु न कदापि पतेत्।

અર્થ– સ્વીકારેલા વ્રતનું સદા સ્મરણ,
ગુણીજનોનું બહુમાન,
વ્રતના પ્રતિપક્ષીની જુગુપ્સા (હિંસાદિ દોષોની નિંદા),
(ચિત્તના) પરિણામની પર્યાલોચના (વિચારણા–નિરીક્ષણ),
તીર્થંકરની ભક્તિ, સાધુની સેવા.

આ છ ગુણોથી ઉત્પન્ન ન થયેલો શુભ ભાવ ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થયેલો શુભ ભાવ કદી જતો નથી. (અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ માટે અને પ્રાપ્ત ગુણોની રક્ષા માટે ઉપરોક્ત છ યે ગુણોની જરૂર છે.

૩૯૩. आत्मप्रशंसया धर्मः प्रणश्यति ।

અર્થ– આત્મ પ્રશંસા કરવાથી ધર્મ નાશ પામે છે. (બીજા પોતાના ગુણોની પ્રશંસા કરે તો તેઓના ધર્મનું પોષણ થાય છે અને જાતે પોતે પોતાના ગુણોની

પ્રશંસા કરે તો ધર્મનું શોષણ થાય છે.) માટે આત્માર્થીએ સ્વ–પ્રશંસાથી દૂર રહેવું.

૩૯૪. न हि क्लिष्ट कर्मणां मार्गं प्रति माध्यस्थ्यमपि जायते।

અર્થ– ક્લિષ્ટ કર્મોવાળા જીવોને મોક્ષમાર્ગ પ્રત્યે માધ્યસ્થ-ભાવ પણ જાગતો નથી.

૩૯૫. अर्थाधिगमस्य प्रायः कुशल परिणाम कारकत्वात्।

અર્થ– (સૂત્રોના) અર્થનો બોધ (જ્ઞાન) પ્રાયે કુશળ પરિણામને કરનારો છે. અર્થજ્ઞાન વિનાનું માત્ર સૂત્ર જ્ઞાન ઝાઝો લાભ કરતું નથી. સૂત્ર ભણીને પણ અર્થ જ્ઞાન તો મેળવવું જ જોઈએ.

૩૯૬. प्रवृत्यादीनि वाञ्छता पणिधानमवश्यं करणीयं, तदभावे प्रवृत्याद्यसिद्धेः।

અર્થ– પ્રવૃત્તિ વિઘ્નજય સિદ્ધિ અને વિનિયોગને ઇચ્છતા સાધકે પ્રણિધાન અવશ્ય કરવું જોઈએ. પ્રણિધાનના અભાવે પ્રવૃત્તિ વગેરેની સિદ્ધિ થતી નથી.
(प्रणिधानं–चित्तस्योपयोगः)

૩૯૭. संविग्न गीतार्था गुरवो भवन्ति, ते चाप्तोप दिष्टमेवा-दिशन्ति।

અર્થ– ગુરુઓ સંવિગ્ન ગીતાર્થ હોય છે અને તેઓ આપ્ત (વીતરાગ) પુરુષે ઉપદેશેલાનો આદેશ કરે છે. (સંવિગ્ન ગીતાર્થના વચનમાં શ્રદ્ધા એટલે વીતરાગ વચનમાં શ્રદ્ધા સમજવી.)

૩૯૮. असंभाविनोऽपि वस्तुनः कथञ्चित्संभवो भवति।

અર્થ– અસંભવિત વસ્તુનો પણ કોઈવાર સંભવ થાય છે.

૩૯૯. न च निरर्थकं वाक्यमुच्चारयन्ति सन्तः ।
અર્થ– સજ્જનો નિરર્થક વાક્ય ઉચ્ચારતા નથી.

૪૦૦. ये संयमार्थिनस्ते पराप्रीतिकं न कुर्वन्ति, संयमार्थित्वादेव ।
અર્થ– જે સંયમાર્થીઓ છે તે બીજાને અપ્રીતિ થાય તેવું કરતા નથી, કેમકે તેઓ સંયમાર્થી છે.

૪૦૧. गुरूकुलत्यागिनां व्रहुमानेन पक्षपातेन करणभूतिन उन्मार्गानुमोदना अनागमिकाचारानुमतिः, किं फला? दुर्गति प्रयोजना ।
અર્થ– ગુરુકુલ (ગુરુ આજ્ઞા નિશ્રા) ત્યાગીઓનું બહુમાન કરવાથી ઉન્માર્ગની અનુમોદના થાય છે. (આગમ વિરૂદ્ધ આચારની અનુમોદના થાય છે) અને તેનું ફળ શું? તો દુર્ગતિ.

ગુરુનિશ્રા છોડી સ્વચ્છંદપણે વિચરતા સાધુઓનું બહુમાન, ભક્તિ, પ્રશંસા કરવાથી ઉન્માર્ગને પોષણ મળે છે અને તેથી અનવસ્થાની પરંપરા ચાલે છે.

૪૦૨. आणाए अवट्टंतं जो उव वूहेइ मोहदोसेणं ।
सो आणा अणवच्छं मिच्छत्त विराहणं पावे ॥
અર્થ– જે આજ્ઞામાં વર્તતો નથી તેની ઉપબૃંહણા (પ્રશંસા) મોહદોષથી કરે તો તે આજ્ઞા ભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનાના ફળને પામે છે.

સમજ્યા વગર જેની તેની પ્રશંસા કરનારાઓએ ઉપરની વાતનો ખૂબ જ વિચાર કરવા જેવો છે. પ્રશંસા કરવા લાયકની જ પ્રશંસા થાય જિનાજ્ઞામાં રહેલા જ પ્રાયે પ્રશંસાને પાત્ર છે.

૪૦૩. स्वमतिप्रवृत्तेर्भवफलत्वेनोक्तत्वात् ।

અર્થ– સ્વમતિપૂર્વકની (શાસ્રમતિ વગરની) પ્રવૃત્તિ ભવફળ તરીકે કહી છે. સ્વચ્છંદ પ્રવૃત્તિ સારી હોય તો પણ સંસાર વૃદ્ધિ કરનારી છે.

૪૦૪. स्वाध्यायादयश्च निराबाधा गच्छावास एव ।

અર્થ– સ્વાધ્યાય, ધ્યાન, સંયમક્રિયા, તપ, ગુરુભક્તિ વગેરે ગચ્છમાં રહેવાથી જ નિરાબાધપણે થાય છે. (ગચ્છમાં રહેવાથી જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે)

૪૦૫. न हि आप्ता निरर्थकं किंचिदुपदिशन्ति ।

અર્થ– આપ્ત પુરુષો નિરર્થક વસ્તુનો ઉપદેશ કરતાં નથી. (આપ્ત પુરુષના એકેક શબ્દમાં ઘણું મહત્ત્વ હોય છે.)

૪૦૬. भव स्थितेरेकांत नियतत्वे स्वीक्रियमणि जीवानां तत्तदुष्कर धर्मकृत्यकरणस्य प्राणातिपातादि पाप व्यापारपरिहरणस्य च वैफल्यमेव प्रसज्येत् ।

અર્થ– ભવ સ્થિતિનો એકાંતે નિયત તરીકે સ્વીકાર કરવામાં આવે તો જીવોની તે તે કરેલી દુષ્કર ધર્મ કરણી અને પ્રાણાતિપાતાદિ પાપ વ્યાપારનો કરેલો ત્યાગ નિષ્ફળ જવાનો પ્રસંગ આવે.

૪૦૭. पुण्याद्युप क्रम करणेन जीवो यदर्वागपि मोक्षम धि रोहति श्री जिनाज्ञालोपादि महापापेन चाधिकमपि संसारभ्रमति तदपेक्षया भवस्थितिरनियता ।

અર્થ– પુણ્યાદિનો ઉપક્રમ કરવાથી જીવ પહેલા પણ મોક્ષ ઉપર ચઢે છે અને જિનાજ્ઞાનો લોપ આદિ મહા

પાપથી અધિક પણ સંસારમાં પરિભ્રમણ કરે છે તેની અપેક્ષાએ ભવ સ્થિતિ અનિયત છે.

પ્રબળ પૂણ્ય અને પ્રબળ પુરુષાર્થથી ભવ સ્થિતિને ટૂંકાવીને જીવ વહેલો પણ મોક્ષમાં જઇ શકે છે અને જલ્દી મોક્ષમાં જનારો જીવ જો જિનેશ્વર દેવની સંઘ શાસનની ઘોર આશાતના કરે તો ભવ સ્થિતિ લંબાય, તેથી મોડો મોક્ષે જાય.

દા. ત. સાવદ્યાચાર્યને એક ભવ જ બાકી હતો, પરંતુ ઉત્સૂત્ર ભાષણ વગેરે કરવાથી અધિક ભવ સ્થિતિને બનાવી.

૪૦૮. यच्च प्रतिनियत एव समये कश्चिन्मोक्षगमन योग्यं पुण्यं कर्तुं शक्नोति नान्यदा, तदपेक्षयातु नियता ।

અર્થ– જે કોઈ પ્રતિનિયત સમયમાં મોક્ષગમન યોગ્ય પૂણ્ય કરવા શક્તિમાન થાય તેની અપેક્ષાએ નિયત ભવિસ્થિતિ હોય.

૪૦૯. केवली जीवोपक्रमादिस्वरूपं ज्ञात्वैव भाषते, नान्यथा ।

અર્થ– કેવલી ભગવાન જીવના ઉપક્રમાદિ સ્વરૂપને જાણીને જ બોલે છે, અન્યથા નહિ.

૪૧૦ आयुः क्षयादर्वाक् धर्मः कर्तव्य इति गुर्वाज्ञाऽस्ति ।

અર્થ– આયુષ્યના ક્ષયના પૂર્વે ધર્મ કરવો જોઇએ એ પ્રમાણે ગુરૂ આજ્ઞા છે.

૪૧૧. आचामाम्लादौ अतिशय यत्नपरो भवेत् ।

અર્થ– આયંબિલ આદિના તપમાં અત્યંત પ્રયત્નવાળા બનવું.

૪૧૨. येन प्राणिना वस्तुगत्या आत्मा न ज्ञातस्तस्य सिद्धि गति दूरे वर्त्तते ।

અર્થ– જે પ્રાણીએ પારમાર્થિક દૃષ્ટિએ આત્માને જાણ્યો નથી તેને સિદ્ધિ ગતિ દૂર રહે છે.

૪૧૩. अभव्यानां पूर्वधरलब्धेरभावात् ।

અર્થ– અભવ્યોને પૂર્વધર લબ્ધિનો અભાવ છે.

૪૧૪. आत्मशुद्धि विना तु किमपि सत्कृत्यं न शोभते ।

અર્થ– આત્મશુદ્ધિ વિના કોઈપણ સત્કાર્ય શોભતું નથી.

૪૧૫. श्री शत्रुञ्जये स्वल्पमपि कृतं पुण्यं महाफलप्रदं भवति ।

અર્થ– શ્રી શત્રુંજય ઉપર થોડું પણ કરેલું પુણ્ય મહાફળને આપનારૂં થાય છે.

૪૧૬. छट्ठेणं भत्तेण अप्पाणण्णं च सत्त जत्ताओ ।
जो कुणइ सेत्तुंजे, सो तइय भवे लहई सिद्धि ॥

અર્થ– જે ચોવિહારો છઠ્ઠ કરીને સાત યાત્રાઓ શત્રુંજયની કરે તે ત્રીજે ભવે સિદ્ધિને પામે.

૪૧૭. असद्व्यवहारेण का शासन्नोन्नति ?

અર્થ– અસદ્વ્યવહારથી શાસન ઉન્નતિ કેવી ? किंतु प्रत्युत लोकोपहासादपभ्राजनैव जायते, પરંતુ ઉલટો લોકોમાં ઉપહાસ્ય થવાથી શાસનની અપભ્રાજના (હલકાઈ) થાય છે.

(શાસ્ત્રોક્ત માર્ગે શાસન પ્રભાવના થાય તે જ સાચી શાસન પ્રભાવના છે.)

૪૧૮. प्रवचनभक्ते महाफलानि मत्वा भव्यै नित्यं तत्र प्रवर्तितव्यं ।

અર્થ – પ્રવચન ભક્તિ મહાફળવાળી જાણીને ભવ્ય જીવોએ નિત્ય ત્યાં પ્રયત્ન કરવો જોઈએ.

૪૧૯. अहो स्वार्थ एव संसारे प्रियोऽस्ति परमार्थतः,
कोऽपि कस्यचित् वल्लभो नास्ति ।

અર્થ – અહો ! સંસારમાં સ્વાર્થ જ પ્રિય છે. પરમાર્થથી કોઈ કોઈને વહાલો નથી.

૪૨૦. स्तोकेनापि प्रमादेन बह्वो संसारवृद्धिः स्यात् ।

અર્થ – થોડા પણ પ્રમાદથી ઘણી સંસારવૃદ્ધિ થાય છે.

૪૨૧. नाशक्यमारभते, न च शक्ये प्रमाद्यति ।

અર્થ – (સંયમાર્થી) અશક્યનો આરંભ કરતો નથી અને શક્યમાં પ્રમાદ કરતો નથી.

૪૨૨. आज्ञा पारतन्त्र्यं विना न शुद्धिः ।

અર્થ – આજ્ઞાની પરાધીનતા વિના આત્મશુદ્ધિ નથી.

૪૨૩. आज्ञा पारतन्त्र्यस्यैव चारित्रङ्गत्वात् ।

અર્થ – આજ્ઞાની આધીનતા એ જ ચારિત્રનું અંગ છે.

૪૨૪. अन्तर्गत शुभभाव सद्भाव एव भक्तिवृद्धयादिकम् ।

અર્થ – અંતરમાં શુભભાવના સદ્ભાવમાં જ ભક્તિ વિનય આદિની વૃદ્ધિ હોય.

૪૨૫. भावे परिणामिकारणं भाव एव ।

અર્થ – ભાવમાં પરિણામીકારણભાવ જ છે.

૪૨૬. न क्षमं हि मुमुक्षुणां क्षणमपि निरभिग्रहाणामवस्थातुं ।

અર્થ- મુમુક્ષુઓએ એક ક્ષણ પણ અભિગ્રહ વિના રહેવું યુક્ત નથી.

૪૨૭. अप्रवृत्तोऽपि प्रतिबंधात् द्रव्यक्रियायामप्रवृत्तोऽपि भावेन परमार्थेन प्रवृत्त एव शुभभाववान् ।

અર્થ- બાહ્ય દ્રવ્યક્રિયામાં પ્રવૃત્ત ન હોવા છતાં પણ ભાવ પ્રતિબંધના કારણે પરમાર્થથી તો પ્રવૃત્ત જ છે.

બાહ્ય અનુષ્ઠાન ઉપર પૂર્ણ રાગ હૈયામાં હોય અને કોઇ વિષમ સંયોગવશ તે અનુષ્ઠાન ન કરી શકતો હોય તો પણ તેને પૂર્ણ રાગના કારણે અનુષ્ઠાન કરવા જેટલો લાભ મળે છે.

અહિં શુભ ભાવનાનું પ્રાધાન્ય બતાવ્યું છે. બધી જ ક્રિયાઓ આ શરીરથી થવી મુશ્કેલ છે. પણ જે જે ક્રિયાઓ સાક્ષાત શરીરથી ન થઇ શકે એમ હોય તેના ઉપર બહુમાન ધરવાથી ઘણો લાભ થાય છે.

૪૨૮. स्वाध्यायादि क्रिययाऽसत्क्रीया निवृत्तिः ।

અર્થ- સ્વાધ્યાયાદિ ક્રિયાથી અસત્ ક્રિયાની નિવૃત્તિ થાય છે.

૪૨૯. दुःषमायामपि गुरुपारतंत्र्येण ये स्वाध्यायादिप्रधानयोग प्रवृत्तास्तेषां यतित्वमव्याहतम् ।

અર્થ- દુઃષમકાળમાં પણ ગુરુ પારતંત્ર્યના યોગે જે સાધુઓ સ્વાધ્યાયાદિ પ્રધાન યોગોમાં વ્યાપૃત ઓતપ્રોત) રહે છે તેઓનું સાધુપણું અખંડિત રહે છે.

૪૩૦. लोगो हि वज्जदिट्ठि पायं ।

અર્થ– લોક પ્રાયે બહિર્દષ્ટિ વાળો છે. (અંતર્મુખ જીવો આજના કાળે ઘણા થોડા, બહિર્મુખ જીવો આજના કાળે ઘણાં.)

૪૩૧. गर्हणीय व्यापार बीजभूत कर्म क्षये गर्हणीय प्रवृत्तेरयोगात्।

અર્થ– નિંદનીય પ્રવૃત્તિના બીજભૂત કર્મનો ક્ષય થતાં નિંદનીય પ્રવૃત્તિનો યોગ થતો નથી.

૪૩૨. यतनायुते सदोषानुष्ठाने अल्पतरं तु प्रायश्चित्तं भवति, यथाऽपराधं प्रायश्चित्त प्रवृतेः।

અર્થ– જયણા સાથેના સદોષ અનુષ્ઠાનમાં અલ્પતર પ્રાયશ્ચિત આવે છે. જેવો અપરાધ તે મુજબ પ્રાયશ્ચિત વિધિ હોય છે.

૪૩૩. द्रव्यादिभिर्युक्तस्य साधोरुत्सर्गो भण्यते। रहितस्य द्रव्यादिभिरेव तदनुष्ठानमपवादो भण्यते।

અર્થ– સંયમ સાધનામાં સહાયક દ્રવ્ય ક્ષેત્રાદિથી યુક્ત સાધુનું અનુષ્ઠાન ઉત્સર્ગ કહેવાય છે અને તેનાથી રહિત સાધુનું તે અનુષ્ઠાન અપવાદરૂપ કહેવાય છે. સંયમ સાધનામાં પ્રતિકુલ દ્રવ્ય ક્ષેત્ર કાલાદિ હોય ત્યારે જ સંયમ સાધનાને ટકાવી રાખવા જ અપવાદ સેવવાની સંયમાર્થી સાધુઓને જરૂર પડે છે.

૪૩૪. अशक्तस्यैवोत्सर्गादपवादगतावधि कारात्।

અર્થ– ઉત્સર્ગમાર્ગનું પાલન કરવા અશક્ત હોય એવા સાધુને જ અપવાદમાં જવાનો અધિકાર છે, સશક્તને નહિ.

૪૩૫. यस्तु शक्तोऽप्युत्सर्गात् पतति स मूढात्मा स्वार्थभ्रंश एव यतत इति ।

અર્થ– પરંતુ જે શક્તિ છતાં ઉત્સર્ગ માર્ગથી પડે છે, (ઉત્સર્ગમાર્ગને છોડી દે છે) તે મૂઢાત્મા આત્માર્થના નાશમાં જ પ્રયત્ન કરે છે.

અપવાદ સેવનમાં હૃદયમાં લગીરે માયા ન હોવી જોઈએ. માયા અને મુક્તિને બારમો ચંદ્ર છે.

૪૩૬. तदुत्सर्पणं च शक्ति अनिगूहनेनैव निर्वहतीति सर्वत्र यथाशक्ति यतितव्यम् ।

અર્થ– સંયમનો ઉત્કર્ષ પોતાની શક્તિને ન ગોપવે તો થાય છે, માટે સર્વત્ર યથાશક્તિ (સંયમમાં) પ્રયત્ન કરવો જોઇએ.

૪૩૭. परोपकारो हि स एव सुधिया विधेयो य आत्मना उपकारको भवति ।

અર્થ– પરોપકાર બુદ્ધિમાને એવો જ કરવો કે જે પોતાના આત્માને અંતે ઉપકારક થાય.

(પરિણામે પોતાના આત્માને અપકારક નિવડતો પરોપકાર કરવા જેવો નહિ.) દા. ત. સાધુએ પરદેશમાં જઈ ધર્મપ્રચાર કરવો.

૪૩૮. न रागादिप्रभवं सुखमुपादेयं प्रेक्षावतां भवति, प्रेक्षावन्तो हि बहुदुःखमपहाय यदेव बहुसुखं तदेव प्रतिपद्यन्ते, यस्तु स्तोकसुखनिमित्तं बहुदुःखमाद्रियते स प्रेक्षावानेव न भवति, किन्तु कुबुद्धिः ।

અર્થ – રાગાદિ દોષોમાંથી જન્મતું સુખ બુદ્ધિમાનો માટે ઉપાદેય નથી. કેમકે વિચારક પુરુષો તો બહુ દુઃખનો નાશ થાય અને બહુસુખ થાય એવી પ્રવૃત્તિનો આદર કરે છે. પરંતુ જે અલ્પ સુખના કારણે બહુ દુઃખ આવે એવી પ્રવૃત્તિ કરે તે પ્રેક્ષાવાનજ (વિચારકજ) ન કહેવાય, પરંતુ કુબુદ્ધિ કહેવાય.

વિષયના રાગમાંથી જન્મતું સુખ બિંદુ જેટલું છે, જ્યારે તેના યોગે જન્મતું દુઃખ દરિયા જેટલું છે. વૈષયિક બિંદુ સુખ ખાતર સિંધુ જેટલું દુઃખ મૂર્ખ સિવાય બીજું કોણ ઉભું કરે ?

૪૩૯. सकलमपि कर्मजालं मिथ्यात्वाज्ञान प्राणि हिंसादि हेतुकं ततः सकलकर्मनिर्म्मूलनाय सम्यग्दर्शनाद्यभ्यासः एव घटते, नान्यत् ।

અર્થ – સઘળીયે કર્મજાલ મિથ્યાત્વ, અજ્ઞાન, પ્રાણિહિંસાદિના કારણે છે, તેથી સકલ કર્મનું ઉન્મૂલન કરવા માટે સમ્યગ્ દર્શનાદિનો અભ્યાસ જ કરવો એ બરાબર છે, બીજું નહિ.

૪૪૦. यथा यथा रागादयः सेव्यन्ते तथा तथा ऽभिवृद्धिरेव तेषामुपजायते, न प्रहाणिः ।

અર્થ – જેમ જેમ રાગાદિને સેવવામાં આવે છે તેમ તેમ તેની અભિવૃદ્ધિ જ થાય છે, ક્ષય નહિ.

૪૪૧. जगति दुर्लभं श्रुतरत्न मुपयच्छन् वर्त्तते ।

અર્થ – જગતમાં શ્રુતરત્નને આપનારા દુર્લભ છે.

અર્થ– આલોકમાં અને પરલોકમાં વિષયસેવનના પરિણામે થનારા દુઃખશાનોનું પુનઃ પુનઃ ચિંતન કરીને ઇન્દ્રિયોનો જય એવો કરવો જોઇએ કે સામે ઇષ્ટ કે અનિષ્ટ વિષયો આવે તો પણ રાગદ્વેષની ઉત્પત્તિ જ ન થાય.

૪૫૫. रागोऽपि वस्तु आसाद्यभवति, यादृशं जघन्यं मध्यममुत्कृष्टं वा वस्तु रागोऽपि तत्र तादृशो भवति ।

(બૃહદ્ કલ્પ ભા. ૩)

અર્થ– રાગ પણ વસ્તુને આશ્રીને (નિમિત્તે) ઉત્પન્ન થાય છે. જેવી જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ વસ્તુ હોય તે પ્રમાણે ત્યાં રાગ પણ જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ થાય છે.

વસ્તુ સામાન્ય તો રાગ પણ સામાન્ય.

વસ્તુ અસામાન્ય તો રાગ પણ અસામાન્ય થાય.

દા. ત. કાચની બંગડીઓ હોય તો રાગ થોડો થાય, સોનાની બંગડીઓ હોય તો રાગ તેનાથી થોડો વધારે થાય, અને હીરાની બંગડીઓ હોય તો રાગ ઘણો થાય. સામાન્ય ઘર હોય તો રાગ થોડો થાય અને બંગલો હોય તો રાગ વધારે થાય. સુતરાઉ કપડાં હોય તો રાગ થોડો થાય, ટેરેલીનનાં કપડાં હોય તો રાગ ઘણો થાય. સ્ત્રી સામાન્ય રૂપવાળી હોય તો રાગ થોડો થાય, સુંદર રૂપવાળી હોય તો રાગ વધારે થાય, માટે આત્માર્થીએ રાગ વધે એવી ચીજોને પસંદ ન કરવી.

અર્થ- જે ગુણ દોષને કરનારો હોય તેને ગુણ ન જાણવો પણ દોષ જ જાણવો. અગુણ પણ ગુણ હોય, જો તેનું પરિણામ સુંદર હોય તો. (દેખાતો ગુણ પણ જો પરિણામે દોષરૂપ બનતો હોય તો તે ગુણ નહિ પણ ગુણાભાસ કહેવાય, અને દેખાતો દોષ પણ પરિણામે ગુણકારી બનતો હોય તો તે દોષ દોષ ન કહેવાય પણ દોષાભાસ જ કહેવાય.

૪૬૧. तित्थयरसमो सूरि, सम्मं जो जिणमयं पयासेइ । (ગચ્છાચારવૃત્તિ)

અર્થ- જે જિનમતને સમ્યગ્ રીતે પ્રકાશે છે તે આચાર્ય તીર્થંકર સમાન છે.

૪૬૨. उज्वलवेषेण विभूषा भवति, विभूषातश्च चिक्कणः कर्मवन्धः ततश्च संसार पर्यंयनमिति ।

અર્થ- ઉજળા વેશથી વિભૂષા થાય છે, વિભૂષાથી ચિકણાં કર્મ બંધાય છે, અને ચિકણાં કર્મ બંધાવાથી સંસાર ભ્રમણ થાય છે.

૪૬૩. अकामी मण्डनप्रियो न भवतीति । (ગચ્છાચારવૃત્તિ)

અર્થ ામી વિભુષાપ્રિય ન હોય.

ારીરની અને કપડાંની બહુ ટાપટીપ કરવી તે બ્રહ્મચારી માટે ખતરનાક છે. સ્ત્રીઓનું આકર્ષણ વધે એવું કાંઇ જ ઈરાદાપૂર્વક કરવું તે સ્વ-પરને મહાન નુકશાન કર્તા છે.

૪૬૪. अशठभावेनानिगूहित वलवीर्यतया यथाशक्ति तपःकर्मणि प्रवृत्तिविशोधेरांतरं कारणं ।

અર્થ- અશઠભાવથી (માયાથી મુક્ત બનીને) પોતાના બળ વીર્યને ગોપવ્યા વિના યથાશક્તિ તપકર્મમાં પ્રવૃત્તિ કરવી તે આત્મશુદ્ધિનું આંતરિક કારણ છે. (બલ=શારીરિક શક્તિ, વીર્ય=વીર્યોલ્લાસ).

૪૬૫. न शंकितं श्रुतमन्यस्मै दीयते प्रवचने निषेधात् ।

અર્થઃ- શંકિત શ્રુત બીજાને આપવું નહિ, કારણ કે તેનો પ્રવચનમાં નિષેધ કરેલો છે,

૪૬૬. विकृष्ट तपः करणस्य महागुणत्वात् । (વ્યવહાર સૂત્ર)

અર્થ- વિકૃષ્ટ તપ કરવો મહાગુણકારી છે. (અઠ્ઠમ ઉપરના તપને વિકૃષ્ટ તપ કહેવાય.) (નિઃશલ્ય હૃદયે વિકૃષ્ટ તપ કરે તો ધારી સિદ્ધિ થાય.)

૪૬૭. मुक्ति संसार विना न भवति, संसारोऽपि न मुक्तिमन्तरेण ।

અર્થ- સંસાર વિના મુક્તિ (મોક્ષ) ન હોય અને મોક્ષ વિના સંસાર ન હોય. સંસાર અને મોક્ષ સાપેક્ષ પદાર્થો છે.

૪૬૮. पूजासत्कारादिना मदं कुर्यात् स न सर्वज्ञप्रणिते मार्गे विद्यते ।

અર્થ- પોતાના બહારમાં થતાં પૂજા સત્કાર સન્માન વડે કરીને જે અભિમાન કરે તે સર્વજ્ઞ પ્રણિત માર્ગમાં નથી. (સત્કાર પરિષહને તો સાધુએ જીતવાનો છે. સાધુ સત્કારમાં છકી ન જાય તો જ તેણે સત્કાર પરિષહ જીત્યો ગણાય.)

૪૬૯. पार्श्वस्थादीनां अवग्रह एव नास्ति ।

અર્થ- પાસત્થા કુશીલીયા વગેરેના અવગ્રહ જ નથી.

૧૭૦. स्थापनायां विनाऽनुयोगं कुर्वतः शृण्वतश्च प्रायश्चित्तं ।
(સમવાયાંગ ટીકા)

અર્થ– સ્થાપનાચાર્ય પધરાવ્યા વિના સૂત્રોના અર્થની વાચના આપતાં અને સાંભળતાં પ્રાયશ્ચિત આવે.

૧૭૧. श्रद्धावतश्च शास्त्रावधारणे महानाऽऽदरः। कृतादरस्य शास्त्र विषयेऽनवरतमुपयोगः। यदा यदा चोपयोगस्तदा सम्यग्ज्ञानत्वान्महती ज्ञानावरणीय कर्मणो निर्जरा। ज्ञानावरण कर्मनिर्जरणाच्च स्फुटः स्फुटरः शास्त्रस्याधिगमः अधिगत-शास्त्रस्य च गुरौ शास्त्रे प्रवचने च निःकृत्रिमा भक्तिरुल्लसति। ततः प्रभावना, तां दृष्ट्वाऽन्येषामपि तथा श्रद्धादीनां करणात् । (બૃહત્કલ્પ પીઠિકા)

અર્થ– શ્રદ્ધાવાનને શાસ્ત્રશ્રવણ કરવામાં મહાન આદર હોય છે. શાસ્ત્રશ્રવણ કરવામાં આદરવાળાને શાસ્ત્રના વિષયમાં નિરંતર ઉપયોગ હોય છે. જ્યારે જ્યારે તે શાસ્ત્રના વિષયમાં ઉપયોગ મૂકે છે ત્યારે તે સમ્યગ્જ્ઞાન હોવાથી મોટી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા કરે છે. જ્ઞાનાવરણીય કર્મની ઘણી નિર્જરા થવાથી શાસ્ત્રનો બોધ વધુ ને વધુ સ્પષ્ટ સ્પષ્ટતર થતો જાય છે. શાસ્ત્રનો સ્પષ્ટ બોધ થવાથી તેને ગુરુ ઉપર, શાસ્ત્ર ઉપર અને પ્રવચન ઉપર અકૃત્રિમ (સ્વાભાવિક) ભક્તિ જાગે છે અને ભક્તિ જાગ્રત થવાથી શાસન પ્રભાવના થાય છે. શાસનની પ્રભાવના જોઈને બીજાઓને પણ પ્રવચન પ્રત્યે શ્રદ્ધા ભક્તિ પ્રગટે છે.

૪૭૨. यो मूलगुणादिषु गुणेषु सुस्थितस्तस्य वचनं घृत परिसिक्त पावक इव दीप्यते। गुणहीनस्य तु न शोभते वचनम्, यथा स्नेहविहिनः प्रदीपः ।

અર્થ– જે મૂળ ગુણ અને ઉત્તર ગુણમાં બરાબર સ્થિર હોય તેનું વચન ઘીથી સીંચેલા અગ્નિની માફક દીપે છે. જ્યારે ગુણહીનનું વચન શોભતું નથી. જેમ તેલ રહિત દીપક.

૪૭૩. उस्सग्गे अववायं, आयरमाणो विराहओ होति ।
अववाए पुण पत्ते, उस्सग्ग निसेवओ भइओ ॥
(નિશિથ સૂત્ર)

અર્થ– ઉત્સર્ગના સ્થાને અપવાદને આચરનારો વિરાધક થાય છે. અપવાદના સ્થાને ઉત્સર્ગનું આચરણ કરનારો વિરાધક થાય કે ન પણ થાય. (મજબૂત ધૃતિબલાદિ હોય અને દુર્ધ્યાન થાય તેમ ન હોય તો અપવાદનું સેવન ન કરે તો પણ વાંધો નહિ.)

૪૭૪. ण वि किंचि अणुण्णायं, पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा, कज्जे सच्चेण होयव्वं ॥ (નિશિથ સૂત્ર)

અર્થ– જિનેશ્વર દેવોએ એકાંતે કોઈ વસ્તુનું વિધાન પણ કર્યું નથી કે કોઈ વસ્તુનો એકાંતે નિષેધ પણ કર્યો નથી. પરંતુ એવી તેઓની આજ્ઞા છે કે કાર્ય કરતાં હૃદયમાં માયા કપટ ન હોવું જોઈએ. નિષ્કપટ હૃદયે કાર્ય કરવું.

દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ મુજબ કયા અવસરે કેમ વર્તવું, શું ગ્રહણ કરવું કે શું છોડવું, અને ગુરુ લાઘવ વગેરે વિચાર કરીને સંવિગ્ન ગીતાર્થ જ

વર્તી શકે. જે રીતે જ્ઞાન દર્શન ચારિત્રની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ થાય તે મુજબ વર્તવું એવી ભગવાનની આજ્ઞા છે.

૪૭૫. दोसा जेण निरूभंति, जेण खिज्जंति पुव्व कम्माइं।
सो सो मोकखोवाओ, रोगावत्थासु समणं व। (निशिथ सूत्र)

અર્થ- જેનાથી રાગાદિ દોષોનો નિરોધ થાય અને જેનાથી પૂર્વ સંચિત કર્મોનો નાશ થાય તે તે મોક્ષનો ઉપાય છે. જેમ રોગાવસ્થામાં ઔષધ. (જેવો રોગ તેવું ઔષધ.)

૪૭૬. जीहाए वि लिहंतो, ण भद्दओ जत्थ सारणा नत्थि।
दंडेण वि ताडंतो, स भद्दओ सारणाजत्थ ॥ (निशिथ सूत्र)

અર્થ- ગુરુ શિષ્યને જીભથી ચાટતો હોય તો પણ તે સારો નથી. જો ગુરુ શિષ્યને સારણા-વારણાદિ ન કરતા હોય તો. પરંતુ ભલે ગુરુ કોઈ ભૂલ થતાં શિષ્યને દંડથી તાડના કરતા હોય પણ જો શિષ્યને સાયણા-વાયણા કરતા હોય તો તે ભલા છે.

માત્ર આ લોકમાં જ હિતકારી ગુરુ તો સુગર કોટેડ પોઇઝન જેવા છે. આ લોકમાં હિતકારી ઉપરાંત પરલોકમાં હિતકારી ગુરુ જ સાચા ગુરુ છે. ભવ ભયથી શરણે આવેલા શિષ્યને સંસાર સાગરથી સંયમ પળાવી પાર ઉતારે તે ગુરુ કાષ્ઠની નાવ જેવા છે.

સાચા ગુરુ શિષ્યના આત્માનું હિત પહેલું જુવે. જે ગચ્છમાં ગુરુ શિષ્યોને સાયણા વાયણાદિ કરતા હોય ત્યાં જ સંયમાર્થી આત્માએ વસવું જોઈએ.

સાધકે માત્ર શરીરની સગવડ ખાતર શુરુ કરવાના નથી.

૪૭૭. नाग्न्यं हि न चारित्राङ्गं ।

અર્થ– નગ્નતા એ ચારિત્રનું અંગ નથી. (વસ્ત્ર વગર તો પશુઓ પણ ફરે છે) જો કેવળ નગ્નતામાં જ ચારિત્ર માનવામાં આવે તો પશુને તો જન્મથી જ ચારિત્ર માનવું પડે.

૪૭૮. अशक्य परिहार विराधनाया हिंसात्वायोगात्, अन्य जन्तु सन्तान सम्पूरिते लोके समुच्छिन्नैव प्राणिनाम हिंसा ।

અર્થ– જે જીવ વિરાધનાનો પરિહાર અશક્ય હોય ત્યાં હિંસાનો યોગ નથી. અર્થાત્ ત્યાં હિંસાનું પાપ લાગતું નથી. નહિતર જીવોના સમૂહથી ભરેલા લોકમાં પ્રાણીની અહિંસાનો જ ઉચ્છેદ થઈ જાય. જે હિંસા ટાળી શકાય એમ જ ન હોય ત્યાં નિરુપાય. દૈહિક ક્રિયાઓ જ્યાંસુધી કરવી પડે છે ત્યાંસુધી ઓછાવત્તા પ્રમાણમાં જીવ વિરાધના થઈ જવાનો સંભવ છે.

૪૭૯. स्त्रीणां यदि चारित्रं न स्यात् तर्हि साधुः साध्वी श्रावकः श्राविकेति चतुर्वर्ण श्रमणसङ्घ व्यवस्था न स्यात् ।

અર્થ– સ્ત્રીઓને જો ચારિત્ર ન હોય તો સાધુ-સાધ્વી. શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ વ્યવસ્થા ન થાય. ત્રિવિધ સંઘ માનવો પડે. પણ તીર્થંકર ભગવંતો તો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે.
સંઘનાં ચારે અંગો એક બીજાનાં પૂરક છે.

૪૮૪. फलार्थिना फलोपाय प्रवृत्तौ न विलम्बो विधेयः।

અર્થ– કાર્યાર્થિએ કારણની પ્રાપ્તિમાં વિલંબ ન કરવો જોઈએ, કાર્યાર્થીએ કારણમાં પ્રમાદ કરવો ન જોઈએ.

૪૮૫. देहबलं यदि न दृढं तथापि मनोधृति बलेन यतितव्यम्। तृषितः पात्राभावे करेण किं नो जलं पिबति?

અર્થ– જો સંયમસાધનામાં દેહબળ મજબૂત ન હોય તો પણ મનના ધૃતિ બળવડે સંયમમાં યત્ન કરવો જોઈએ. તૃષાતુર મનુષ્ય પાણી પીવાના પાત્રના અભાવે શું હાથ વડે પાણી પીતો નથી? પીવે જ છે. શરીરની શિથિલતાના કારણે સંયમ સાધનામાં મનનો ઉત્સાહ તો ઓસરવો ન જ જોઈએ. સંયમ સાધનામાં જ મન ચોંટ્યું ને ચોંટ્યું રહેવું જોઈએ. સંપૂર્ણ સંયમ પાળવા માટેની શક્તિ માટે અચિન્ત્ય શક્તિના ધણી જિનેશ્વરદેવ પાસે પ્રાર્થના કરતા રહેવું. સંપૂર્ણ સંયમ સાધના માટેના સામર્થ્યની નિરંતર સ્પૃહા કરવી કે મને ક્યારે એવી શક્તિ મળે અને હું સંપૂર્ણ સંયમની આરાધના કરું!

સંયમ પાળવાની જેટલી શારિરીક શક્તિ હોય તે ગોપવ્યા વગર સંયમસાધના કરનારો પણ આરાધક છે. કેટલીક સંયમ સાધનાઓ શારિરીક શક્તિના અભાવે મનના વિર્યોલ્લાસથી કરવાની હોય છે. ટૂંકાણમાં આરાધકભાવ અખંડિત રહેવો જોઈએ.

૪૮૬. तादृश देहबलाभावेऽपि मनोवीर्यस्फोरणे यतितव्यम्, न तु आलस्यं विधेयम्, न हि कायिक व्यापार प्राधान्यं एव चारित्रम्, किन्तु शास्त्रानुकूल प्रवृत्तौ योगानां स्थैर्यं भाव-रक्षणं च चारित्रं।

माया निकृति प्रसंगो दुर्लभ बोधित्वं चेत्यात्म बोधन-मेवात्मार्थिना यतितव्यम्. एवं संविग्नस्याप्य गीतार्थस्योपदेशादौ नाधिकारः । (અધ્યાત્મ મત પરીક્ષા)

અર્થ- પોતાનામાં સંવેગ (મોક્ષાભિલાષ કે ભવભિરુતા) ન હોય તેને પરોપદેશથી શું કાર્યસિદ્ધિ થવાની હતી? સંવેગ વિના લોકરંજન માટે જ ઉપદેશમાં પ્રવૃત્તિ થાય છે તેથી માયાકપટનો પ્રસંગ આવે અને દુર્લભ બોધિતાની પ્રાપ્તિ થાય માટે પોતાના આત્માને જ પ્રતિબોધવા આત્માર્થીએ પ્રયત્ન કરવો જોઈએ. એવી રીતે સંવેગી હોય પણ અગીતાર્થ હોય તેને પણ ઉપદેશનો અધિકાર નથી. આધુનિક ભાષામાં કહીએ તો વક્તા વૈરાગી અને વિદ્વાન શાસ્ત્રોનો જાણકાર હોવો જોઈએ.

આ બધાનો નિષ્કર્ષ એ છે કે ધર્મનો ઉપદેશ આપનાર ધર્મગુરુ પોતે ભવભીરૂ અને આગમશાસ્ત્રોના જ્ઞાતા હોવા જોઈએ.

દયાળુ પણ ઊંટવૈદ્ય પાસે શસ્ત્રક્રિયા ન કરાવાય, તેમ દયાહીન નિષ્ણાત વૈદ્ય પાસે પણ શસ્ત્રક્રિયા ન કરાવાય. જેને તેને પાટ ઉપર ગદીને ઉપદેશ આપવાનો અધિકાર નથી. અધિકારી જ ઉપદેશ આપે તો જ સ્વ-પરને લાભ થાય.

૪૭. गुरुभाव प्रतिबंध एव मोक्षः । (અધ્યાત્મમત પરિક્ષા)

અર્થ- ગુરુ બહુમાન એ જ મોક્ષ છે. કારણ કે ગુરુ બહુમાન એ મુક્તિનું અવન્ધ્ય કારણ છે અને ગુરુ બહુમાનથી તીર્થંકરનો સંયોગ પણ પ્રાપ્ત થાય છે.

હંમેશા અધ્યયન અને શ્રવણ દ્વારા હંમેશા સદા-
જ્ઞાના શ્રાદ્ધક બનવું, અનુપ્રેક્ષા કરવા વડે કરીને
સદાજ્ઞાના ચિંતક બનવું.
કોઈપણ અનુષ્ઠાન કરતી વખતે આ આજ્ઞા મુજબનું
છે કે નહિ તે જોયા કરવું જોઈએ, એટલે કે અનુ-
ષ્ઠાનમાં આજ્ઞા પારતંત્ર્ય જોઈએ.
અનુષ્ઠાન કરવા વડે કરીને સદાજ્ઞાને પરાધીન બનવું.
આટલું બધું જિનાજ્ઞા માટે શા માટે કરવું ? તો
આજ્ઞા એ મોહરૂપી ઝેર માટે પરમ મંત્ર સમાન છે.
અનાદિકાળનું આત્મા ઉપર ચઢેલું મોહનું ઝેર
નાશ કરવાનું સામર્થ્ય આજ્ઞારૂપી મંત્રમાં છે.

૪૯૫. न निंतिज्जा परपीडं । न भाविज्जा दीणयं ।
न गच्छिज्जा हरिसं । न सिरिकिरिज्ज परदारं ।

અર્થ– પરપીડનનો વિચાર ન કરવો.
દીનતાનો વિચાર ન કરવો.
બહુ હર્ષઘેલા ન બની જવું.
પરસ્ત્રીને સેવી નહિ.

૪૯૬. आगम वचन परिणति भव रोगसदौषधं ।

અર્થ– આગમ વચનની પરિણતિ (પરિણામ) ભવ રોગનું
સમ્યગ્ ઔષધ છે. (જિનવચનની પરિણતિ વગર
કર્મરોગ જાય નહિ.)

૪૯૭ यत्र भारोऽधिकस्तत्र फलमप्यधिकम् ।
અર્થ– જ્યાં ભાર અધિક ત્યાં ફળ પણ અધિક.

૪૯૮. गुणवतां सज्जनानां अविधि प्रशंसा । कदापि न कुर्यात् ।
किं कुलवन्तः गुणानि स्तुवन्ति येस्या परिज्ञानि ?

અર્થ – શુદ્ધ ગુરુઓને (સાચા શ્રાવકોને) આ પોતાના ગુરુઓ અને પારકાના ગુરુઓ એવું કદાપિ હોય નથી, કેમકે જિનાગમના અલંકારથી અલંકૃત હોય તે બધા જ સુગુરુ છે.

(સંયમ અને શાસ્ત્રને વફાદાર હોય તે બધા જ સુગુરુઓ કહેવાય. ભલે પછી ભરતક્ષેત્રના હોય, ઐરાવત ક્ષેત્રના હોય કે મહાવિદેહના સાધુઓ હોય તે બધા જ (૨ હજાર ક્રોડ) સુગુરુઓ કહેવાય. માટે જિનવચનનું રહસ્ય સમજનાર શ્રાવકે કદી મારા તારાનો ભેદ પાડવો નહિ.)

૫૦૦. य. ददाति शुद्ध धर्मं स परमात्मा जगति ।

અર્થ – જે લોકોને શુદ્ધ ધર્મ આપે છે તે આ જગતમાં પરમાત્મા છે.

(શુદ્ધ મોક્ષ માર્ગની દેશના આપનારને અહિં પરમાત્મા કહ્યો છે.)

(ખૂબ જ નિઃસ્પૃહ સાધુ હોય ને ગીતાર્થ હોય તે જ શુદ્ધ મોક્ષ માર્ગની દેશના લોકોને આપી શકે.)

૫૦૧. शुभोदयोऽपि आवरणः अशुभोदयोऽप्यावरणः, गुणावरणत्वेन तुल्यत्वात् ।

અર્થ– પુણ્યનો ઉદય પણ આવરણ છે અને પાપનો ઉદય પણ આવરણ છે. બંને શુદ્ધનું આવરણ કરતા હોવાથી તુલ્ય છે.

(નિશ્ચયથી આત્મા પાપ પુણ્યથી રહિત છે, નિરાવરણ છે. માટે યોગી પુરુષે પુણ્યના ઉદયમાં અને પાપના ઉદયમાં સમભાવ રાખવો)

૫૦૨. निश्चयतः समता परिणामरूपस्यैकस्यैव मोक्षमार्गत्वात् ।

અર્થ– નિશ્ચયથી સમતાનો પરિણામ એ એક જ મોક્ષમાર્ગ છે.

૫૦૩. थोवाहारो थोवभणिओ अ जो होइ थोव निद्दो अ ।
थोवोवहि उवगरणो तस्स हु देवावि पणमंति ॥

અર્થ– થોડો આહાર, થોડું બોલવું, થોડી ઊંઘ અને થોડાં ઉપકરણો (કપડાં લત્તાં વગેરે) જેને હોય તેને દેવો પણ નમસ્કાર કરે છે

૫૦૪. नह्येकांत ज्ञान रुचिः सम्यग्दर्शनी, नह्येकांत क्रिया रुचि, सम्यग्दर्शनी, किन्तु सापेक्षदृष्टिरेव सम्यग्दर्शनी ।

અર્થ– એકાંતે જ્ઞાનરુચિમાં કે એકાંતે ક્રિયારુચિમાં સમ્યગ્દર્શન નથી, પરંતુ બંને તરફ સાપેક્ષભાવ હોય તો જ સમ્યગ્દર્શન હોય.

(સમકિતિ જીવ તો જ્ઞાનરુચિવાળો યે હોય અને ક્રિયા રુચિવાળો યે હોય)

૫૦૫ शुद्धोपदेशका एव विश्वे पूज्याः ।

અર્થ– શુદ્ધ ઉપદેશકો જ વિશ્વમાં પૂજ્ય છે.

५१२. शुक्लो निगद्यते [illegible] ।

અર્થ- [illegible] શુક્લમાં તે શુક્લ છે, માટે [illegible] એમ બોલવું.

(હીરાનો [illegible] જેમને આ હીરાથી [illegible] છે તેને, તેનું જન્મ શકુન [illegible] એમ બોલાય.)

५१३. भयं परसंयोग विनाशे भवति ।

અર્થ- પરસંયોગના વિનાશમાં ભય ઉત્પન્ન થાય છે.

५१४. एक देश विशिष्टोऽर्थो नयस्य विषयो मतः । (न्यायावतार)

અર્થ- એક દેશ વિશિષ્ટ પદાર્થ નયનો વિષય છે.

નોંધ :—વસ્તુમાં રહેલા અનેક ધર્મો (અનેક અંશો) માંથી કોઈ એક વિશિષ્ટ ધર્મ તે નયનો વિષય બને છે.

५१५. सर्वस्यापि परार्थस्य स्वार्थः पर्यवसानं ।

અર્થ- બધો જ પરમાર્થ અંતે સ્વાર્થમાં પર્યવસાન પામે છે. સ્વાર્થ માટે પરાર્થ કરવો જોઈએ.

પરાર્થ એ જ સાચો સ્વાર્થ છે.

५१६. स्वभाव सुखमग्नस्य संसारः किं करिष्यति ?

અર્થ- સ્વાભાવિક સુખમાં મગ્ન મનુષ્યને સંસાર શું કરશે ? કાંઈ જ નહિ કરી શકે.

५१७. प्राग्भाविताः गुणा स्वतएव प्रगटी भवंति नेक्षुयष्टिपलाला-वत्तां चिरकालं तिष्ठति ।

અર્થ– પૂર્વે ભાવિત કરેલા ગુણો પોતાની મેળે પ્રગટ થાય છે. જેમ શેરડીનો સાંઠો લાંબો વખત પલાલ (ઘાસથી) ઢંકાયેલો રહેતો નથી તેમ.

૫૧૮. ज्ञानादयो गुणाः सर्वात्मनि संत्येव, सर्वं साधारणे को मदः ?

અર્થ– જ્ઞાનાદિ ગુણો સર્વે આત્માઓમાં રહેલા છે. સર્વ સાધારણ વસ્તુમાં શો મદ (અભિમાન) કરવો'તો ?
(નિશ્ચયનયથી સર્વે આત્માઓમાં સમાન જ્ઞાનાદિ ગુણો તિરોભાવે રહેલા જ છે.)
પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ ગુણોનો અભિમાન ન કરવા અહિં જણાવ્યું છે.
સ્વ ગુણોનું પણ અભિમાન નથી કરવાનું.

૫૧૯. कर्मविपाक विचित्रतां भुञ्जन्नपि अखिन्नः तिष्ठति । कर्तृत्व काले नारति अनादरोऽतर्हि भोगकाले को द्वेष ? उदयागत-भोगकाले इष्टा निष्टता परिणतिः एव अभिनवकर्महेतुः ।

અર્થ– વિવેકી મનુષ્ય કર્મવિપાકની વિચિત્રતાને ભોગવવા છતાં ખેદ રહિત રહે છે.
હે જીવ ! પાપ કર્મ કરતાં તને અરતિ અનાદર નહોતા તો તે પાપ કર્મના ભોગ કાળે શા માટે દ્વેષ કરે છે ?
ઉદયમાં આવેલાં શુભાશુભ કર્મોમાં ઇષ્ટાનિષ્ટની પરિણતિ જ નવા નવા કર્મનો હેતુ છે.
(શુભાશુભ કર્મના ઉદયમાં સમભાવ રાખવાથી નવા કર્મો બંધાતા નથી)

૫૨૦. अनार्यक्षः आर्याः स्तोकाः आर्येभ्यः जैनाचाराः स्तोकाः जैनाचार धतिषु जैन परिणति परिणताः स्तोकाः ।

५२१. जैनागमोऽपि सम्यग्दृष्टेः [illegible] कारणं, मिथ्यादृष्टेः [illegible] ।

अर्थ– જિનાગમો પણ સમ્યગ્દર્શનથી પરિણત (પુરુષ) શુદ્ધ આત્માને જ મોક્ષનાં કારણ બને છે. મિથ્યાત્વથી નાશ થયેલી બુદ્ધિવાળાઓને તો [illegible] જ બને છે. (સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલાં મિથ્યા શાસ્ત્રો પણ સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્ રીતે પરિણમે છે, જ્યારે મિથ્યા દૃષ્ટિને સમ્યગ્ શાસ્ત્રો પણ ઉલટાં પરિણમે છે. (પાત્ર પ્રમાણે વસ્તુ પરિણામ પામે.)

५२२. अनुयोग शून्यं वचनं न प्रमाण भवति ।

અર્થ– અનુયોગથી શૂન્ય વચન પ્રમાણભૂત બનતું નથી. (સૂત્રાર્થનું વ્યાખ્યાન કરવું તેનું નામ અનુયોગ છે)

५२३. भवभीय भीतानां प्राणीनां दृढं त्राणं यः करोति स'धन्यो' महास-त्वः ।

અર્થ– ભવભયથી ભય પામેલા પ્રાણીઓનું જે દૃઢ રક્ષા કરે છે તે મહાસત્ત્વશાળી ધન્ય છે.

५२४. शुभध्यानाद् धर्मो भवति ।

અર્થ– શુભ ધ્યાનથી ધર્મ થાય છે.

५२५. यद् वस्तुति यद् धर्मः न भवति ततो न जायते तृप्तिः ।

અર્થ– જે વસ્તુમાં જે ધર્મ ન હોય તેનાથી તૃપ્તિ ન થાય. (જેમ વિષયો.)

૫૨૬. सातासातयो विपाक भेद एव न त्वावरणे अव्याबाधावरणत्वं तु उभयोरपि यच्च स्वगुणान् घातयति यद् दुःखं कः सुखत्वेनांगीकुरुते ।

અર્થ – શાતા અશાતાના વિપાકમાં જ ભેદ છે, આવરણમાં નહિ. આત્માનું અનંત અવ્યાબાધ સુખનું આવરણ-પણું તો ઉભયનો વિપાક કરે છે. જે સ્વગુણોનો ઘાત (નાશ) કરે તે દુઃખને સુખ તરીકે કોણ સ્વીકારે ? શાતાવેદનીયનો ઉદય પણ આત્માનું અવ્યાબાધ સુખ તેને રોકે છે અને અશાતાવેદનીયનો ઉદય પણ આત્માના અવ્યાબાધ સુખને રોકે છે, તેથી આવરણની દૃષ્ટિએ તે બંને સમાન છે.

શાતાને પણ સુખ તરીકે ન માની શકાય. કેમકે તે આત્માનું સ્વાભાવિક અનંત અવ્યાબાધ સુખ તેને રોકે છે માટે.

શાતા અને અશાતા સત્તામાંથી જાય તો જ આત્માનો સહજ અનંત અવ્યાબાધ સુખ પ્રગટ થાય.

૫૨૭. सर्वे साधनो पायाः एकं शुद्धं आत्म स्वरूपं समवतरंति ।

અર્થ – સર્વે સાધન ઉપાયો એક શુદ્ધ આત્મામાં સમવતાર પામે છે,

જેમ બધી નદીઓ અંતે સમુદ્રમાં જઈને વિલીન બની જાય છે તેમ બધા સાધનામાર્ગો અંતે જઈને શુદ્ધ આત્મ સ્વરૂપમાં પર્યવસાન પામે છે.

૫૨૮. यो यन्निमित्तो दोषः स तत्प्रतिपक्षासेवनेन एव निवर्तते, यथा शीतासेवनादुत्पन्नं जाड्यमुष्ण सेवया इति ।

અર્થ – જે દોષ જે નિમિત્તે ઉત્પન્ન થયો હોય તે દોષ

જેના પરિણામની ધારાથી જ નિર્જરા થાય કે [illegible] [illegible] જ્યારે [illegible] [illegible] ભાવ [illegible] [illegible] પરિણામની જ [illegible] થાય.

૫૨૯. शुक्लपाक्षिकाभावे आज्ञारुचेरप्यभावः ।

અર્થ– શુક્લપાક્ષિકના અભાવે જિનાજ્ઞારુચિનો પણ અભાવ હોય. જ્યાં જિનાજ્ઞાની રુચિ હોય ત્યાં શુક્લપાક્ષિક હોય.

૫૩૦ दुर्ध्यान निरोध सद्ध्यानादर प्रधान प्रमाद त्यागचारित्र-परिणामस्य ।

અર્થ– દુર્ધ્યાનનો ત્યાગ, શુભ ધ્યાનનો આદર અને અપ્રમાદ પ્રધાન ચારિત્રનો પરિણામ છે.

નોંધઃ–જ્યાં ચારિત્રનો પરિણામ હોય ત્યાં પ્રધાનપણે દુર્ધ્યાનનો ત્યાગ, શુભ ધ્યાનનો આદર અને અપ્રમાદ પ્રધાનપણે હોય છે.

૫૩૧. अपवादपद प्रत्य यायाः विराधनाया अपि निर्जराहेतुत्वं तत्र तत्र व्यवस्थापितम् । (ઉપદેશ રહસ્ય)

અર્થ– અપવાદ પદના નિમિત્તની વિરાધના પણ નિર્જરાનો હેતુ છે એમ અપવાદના સેવનથી થતી વિરાધના તે તે આગમગ્રંથોમાં જોવા મળે છે (જેમ કાલિકસૂરિજી મહારાજે સરસ્વતી સાધ્વી નિમિત્તે વિરાધના કરી તે તેમને મહાન નિર્જરાનો હેતુ બની.)

સંયમરક્ષા, સંઘરક્ષા, શાસન રક્ષાના શુદ્ધ ધ્યેયથી કારણે વિરાધના કરવામાં આવે તો પણ તે નિર્જરાની કારણ બને છે.

૫૩૨. अल्पैरपि ज्ञानीभिः परिगृहीतो धर्मो बहुकार्यकारित्वात्तत्त्वतो बहु परिगृहीत एव ।

અર્થ– થોડાક પણ જ્ઞાનીઓ વડે ગ્રહણ કરાયેલો ધર્મ ઘણું કાર્ય કરનારો હોવાથી પરમાર્થથી ઘણાઓએ ગ્રહણ કરેલો જ જાણવો.

૫૩૩. यावंतं कालं न मूलोत्तरगुणस्खलना तावानेव कालो निश्च-यतः प्रव्रज्या पर्यायः परिगण्यते ।

અર્થ– જેટલા કાળ સુધી મૂળગુણ અને ઉત્તરગુણની સ્ખલના વિનાનો હોય તેટલા કાળનો પ્રવ્રજ્યા પર્યાય (દીક્ષા પર્યાય) નિશ્ચયનયથી (પરમાર્થથી) ગણાય છે.

૫૩૪. आत्मीयः परकीयो वा कः सिद्धांतो विपश्चिताम् दृष्टेष्टा-बाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः ॥ (યોગબિંદુ)

અર્થ– વિદ્વાનોને કોઈ સિદ્ધાંત પોતાનો કે પારકો હોય ? દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત જે સિદ્ધાંત હોય તેનો તે સ્વીકાર કરે છે.

નોંધઃ–પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણથી અવિરુદ્ધ જે સિદ્ધાંત હોય તે જ વિદ્વાનોને ગ્રહણ કરવા યોગ્ય હોય છે.

૫૩૫. योगस्य उपायमाहः—

उत्साहात् निश्चयात् धैर्यात् संतोषात् तत्त्वदर्शनात् ।
मुनेर्जनपदत्यागात् षड्भिः योगः प्रसिध्यति ॥

(યોગબિંદુ)

અર્થ– યોગના ઉપાયને કહે છે :—
ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય, સંતોષ, તત્ત્વદર્શન (અને) જનપદનો ત્યાગ, આ છ ઉપાયોથી મુનિને યોગની પ્રાપ્તિ થાય છે.

[illegible]

[illegible]

(યોગ જ [illegible])

ધૈર્ય એટલે યોગમાર્ગમાં [illegible] આવે

તો પણ યોગની [illegible] ન મૂકવું તે.

સંતોષ એટલે આત્મ રમણતા.

તત્ત્વદર્શન એટલે યોગ જ પરમાર્થ છે એવી વિચારણા કરવી તે.

જનવાદ ત્યાગ એટલે ગતાનુગતિક લોક પ્રવાહનો ત્યાગ કરવો તે.

૫૩૬. જાપ વિધિ:—

विधाने चेतसोवृत्तिस्तद्वर्णेषु तथेष्यते ।
अर्थे चालम्बने चैव त्यागश्चोपप्लवे सति ॥ (યોગબિંદુ)

મંત્રના જાપ વખતે:—

અર્થ– મંત્રના અક્ષરોમાં ચિત્તની વૃત્તિ.

મંત્રના અર્થમાં ચિત્તની વૃત્તિ.

મંત્રનું આલંબન પ્રતિમા વગેરે તેમાં ચિત્તની વૃત્તિ અને મન વિહ્વલ (ચંચળ) બને ત્યારે જાપનો ત્યાગ કરવો.

૫૩૭. आगमनिरूपित विधि निरपेक्ष तयाऽऽगमार्थमनुतिष्ठन्नपि न तद्भक्तः, किन्तु तद्‌द्विष्ट एव ।

અર્થ– આગમોક્ત વિધિથી નિરપેક્ષ બનીને (ઉપેક્ષા કરીને) આગમમાં બતાવેલી ક્રિયાઓ કરતો હોવા છતાં પણ તે તે ક્રિયાના પ્રેમી નથી પણ દ્વેષી જ છે.

વિધિના પૂર્ણ પક્ષપાત વિનાની શાસ્ત્રોક્ત ક્રિયાઓ પણ કલ્યાણ કરી શકતી નથી, પરંતુ વિધિનો અનાદર કરવાથી ઉલટું અકલ્યાણ થાય છે. માટે ક્રિયામાં વિધિનો પૂર્ણ જ આગ્રહ જોઈએ.

૫૩૮. यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।
उन्मत्त गुण तुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥

અર્થ- જેને શાસ્ત્ર ઉપર અનાદર છે તેના શ્રદ્ધા આદિ ગુણો પણ ઉન્મત્ત પુરુષના ગુણ તુલ્ય છે, તેથી સજ્જનોને તે ગુણો પ્રશંસા કરવા લાયક નથી જણાતા. (જેને શાસ્ત્રો ઉપર આદર ન હોય તેને દેવ, ગુરુ, ધર્મ, સંઘ ઉપર પણ આદર ન હોય)

૫૩૯. उपदेशं विनाप्यर्थ कामौ प्रति पटुर्जनः ।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ॥

અર્થ- ઉપદેશ વિના પણ અર્થ કામ પ્રત્યે તો લોક હોંશિયાર છે, ધર્મ તો શાસ્ત્રના ઉપદેશ વિના સમજાય તેવો નથી માટે ત્યાં શાસ્ત્રમાં આદર હિતકારી છે.

અધ્યાત્મ યોગની પ્રાપ્તિનો અવસર ક્યારે?

૫૪૦. चरमे पुद्गलावर्ते यतो यः शुक्लपाक्षिकः ।
भिन्नग्रन्थिश्चारित्री च, तस्यैवैतदुदाहृतम् ॥ (યોગબિંદુ)

અર્થ- ચરમ પુદ્ગલાવર્તમાં જે શુક્લપાક્ષિક હોય, ગ્રંથિભેદ કરેલો હોય અને દેશવિરતિ અથવા સર્વવિરતિ (ચારિત્રી) હોય તેને જ તે અધ્યાત્મયોગ પામ્યો એમ કહ્યું છે.

૫૪૧. पूर्वसेवा तु तन्त्रज्ञैर्गुरुदेवादिपूजनम् ।
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेह प्रकीर्तिता ॥ (યોગબિંદુ)

અર્થ- ગોચરી [illegible]
[illegible] : (૧) [illegible]
(૨) [illegible]. (૩) [illegible]. (૪) [illegible].

૫૪૨. વિધિપૂર્વકનું દાન કેવું હોય તે બતાવે છે :-
दत्तं यदुपकाराय द्वयोरप्युपजायते ।
नातुरायान्नवत्पथ्यं तु, तद्विधिविधानवत् ॥
અર્થ- આપેલું દાન આપનાર અને લેનાર બંનેને ઉપકારક બનવું જોઈએ. રોગીને આપવામાં આવતાં કુપથ્ય તુલ્ય ન હોય તે દાન વિધિ શુદ્ધનું જાણવું.

૫૪૩. અમૃત અનુષ્ઠાનનું સ્વરૂપ :-
जिनोदितमिति त्वाहु र्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनि पुङ्गवाः ॥
અર્થ- આ પ્રસ્તુત અનુષ્ઠાન જિનોક્ત છે એવા અભિપ્રાયથી કરે, શુદ્ધ શ્રદ્ધા જેમાં પ્રધાન હોય, નિર્વાણની અભિલાષા અત્યંત હોય અને અમરણનો હેતુ હોવાથી અમૃત અનુષ્ઠાન કહેવાય છે.

૫૪૪. સહજ મલનું સ્વરૂપ :-
सहजं तु मलं विद्यात्, कर्मसम्बन्ध योग्यताम् ।
आत्मनोऽनादिमत्त्वेऽपि, नायमेनां विना यतः
અર્થ- આત્મામાં રહેલી કર્મ સંબંધની યોગ્યતાને સહજ-મલ જાણવો. જીવ અનાદિ હોવા છતાં પણ જીવમાં જો અનાદિ કર્મબંધની યોગ્યતા ન હોય તો કર્મ-ઘટે નહિ.
(કાર્મણ વર્ગણાનો પણ આત્મ ગ્રાહ્ય સ્વભાવ છે અને 'આત્માનો કર્મગ્રાહક સ્વભાવ છે માટે જ પરસ્પર જીવ અને કર્મનો સંબંધ થાય છે.)

૫૪૫. द्रव्याज्ञोत्कर्षस्य तु न भावाज्ञोत्कर्षं हेतुत्वात् ।

અર્થ– દ્રવ્યાજ્ઞાનો ઉત્કર્ષ તે ભાવાજ્ઞાનો હેતુ નથી.

અપુનર્બંધકમાં દ્રવ્યઆજ્ઞા હોય છે ને સમકિત માંડી સર્વ વિરતિ આદીમાં ભાવાજ્ઞા હોય છે.

દ્રવ્યાજ્ઞા અપુનર્બંધકથી સર્વવિરતિ પર્યંત હોય અને તે સ્વસ્થ અનુષ્ઠાન કરવા રૂપ છે તે પ્રધાન દ્રવ્યાજ્ઞા સ્વરૂપ છે.

જે દ્રવ્યાજ્ઞા બીજાધાન દ્વારા ભાવાજ્ઞાની જનક બને તે જ શુદ્ધ દ્રવ્યાજ્ઞા છે. પણ સકૃત્બંધકાદિમાં અપ્રધાન દ્રવ્યાજ્ઞા એ તો ભાવાજ્ઞાનું કારણ પણ બનતી નથી, ઉલ્ટી પ્રત્યપાય બહુલ છે. (નુકશાન કર્તા છે.)

૫૪૬. અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લીંગો :–

लिंगाइं होंति तीसे तदत्थालोअणं न गुणरागो ।
नापत्तानुप्पाहरिसो विहिभंगे णो भयसवं च ॥

અર્થ– (૧) અર્થનું આલોચન (વિચારણા) ન હોય.

(૨) ગુણરાગ ન હોય.

(૩) મને આ કોઈ અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થઈ છે એ બદલનો જરાયે આનંદ ન હોય.

(૪) વિધિના ભંગમાં જરાયે ભયભય ન હોય એને એમ જ ચાલે, એમ માને.

૫૪૭. स्तोकापि प्रणिधानयुक्ताऽऽज्ञा भावोत्कर्षहेतुत्वात् ।

અર્થ– થોડીક પણ પ્રણિધાન શુદ્ધ આજ્ઞા તે ભાવના ઉત્કર્ષનો હેતુ છે.

૫૪૮. तादृश द्रव्यक्रियाया एव भावक्रिया प्राप्तिहेतुत्वात् ।

૬૫૬ [illegible]

અર્થ– સાક્ષાત્ જીવોનો નાશ ન કરવો તે સ્વરૂપ અહિંસા. જે જયણાપૂર્વકની પ્રવૃત્તિ તે હેતુ અહિંસા અને અહિંસાના સ્વરૂપે પરિણમન તે અનુબંધ અહિંસા કે જે જિનાજ્ઞાના અખંડન સ્વરૂપ છે.

(જે પ્રવૃત્તિ જિનાજ્ઞાબદ્ધ હોય તે પ્રવૃત્તિથી અહિંસાનો અનુબંધ પડે.)

(જિનાજ્ઞા નિરપેક્ષ અહિંસાની પ્રવૃત્તિથી પણ હિંસાનો અનુબંધ પડે.)

જિનાજ્ઞાથી યુક્ત દેખીતી હિંસા પણ અહિંસા છે. જ્યારે જિનાજ્ઞા વગરની દેખીતી અહિંસા પણ હિંસા છે. તાત્પર્ય એ છે કે જ્યાં જિનાજ્ઞા છે ત્યાં જ સાચી અહિંસા છે,

૬૫૭ मृषावादश्चतुर्धा :—(१) भूतनिन्हव (२) अभूतोद्भावनं (३) अर्थान्तरं (४) गर्हावचनं. (યોગશાસ્ત્ર ટીકા)

અર્થ– ચાર પ્રકારનું અસત્ય ભાષણ છે :—

(૧) સત્ય વસ્તુનો અપલાપ કરવો.

દા.ત. આત્મા નથી, પાપ નથી, પુણ્ય નથી ઈત્યાદિ.

(૨) જે વસ્તુ જે સ્વરૂપે ન હોય તેવા સ્વરૂપે કહેવી. દા. ત. આત્મા સર્વ વ્યાપી છે એમ બોલવું.

(૩) ગાયને ઘોડો કહેવો.

(૪) ગર્હા-નિંદનીય વચનો બોલવા. દા. ત. ખેતર ખેડ, કાણાને કાણો કહેવો, પરસ્ત્રી લંપટને પરસ્ત્રીલંપટ કહેવો વગેરે.

૬૫૮. पयः पानं भुजङ्गानां यथा विषविवृद्धये । तथा कुपात्र अपात्रयोः दानं तद् भव विवृद्धये । (યોગશાસ્ત્ર ટીકા)

અર્થ- જેમ સર્પોને કરાવેલું દુગ્ધપાન વિષની વૃદ્ધિ માટે બને છે, તેમ કુપાત્ર અને અપાત્રને પાત્ર બુદ્ધિએ આપેલું દાન દાતારની ભવવૃદ્ધિ માટે બને છે

૬૫૯. तस्मात् अपात्रं कुपात्रं च परिहृत्य विवेकिनः
पात्रदाने प्रवर्तन्ते सुधियो मोक्षकांक्षिणः ।

અર્થ- એટલા માટે અપાત્ર અને કુપાત્રનો ત્યાગ કરીને બુદ્ધિમાન વિવેકી અને મોક્ષની ઇચ્છાવાળા જનો પાત્રદાનમાં પ્રવૃત્તિ કરે છે.

(જેમ સ્વાદિષ્ટ ખીર અશુદ્ધ ભાજનમાં નાંખી હોય તો બગડી જાય છે તેમ અપાત્ર કે કુપાત્રને આપેલું ઉત્તમ પણ દાન નિષ્ફળ જાય છે.

૬૬૦. पात्राय दत्तो ग्रासोऽपि श्रद्धयात्यन्तमहाफलः (યોગશાસ્ત્ર ટીકા)

અર્થ- શ્રદ્ધા પૂર્વક પાત્રને આપેલો એક કોળીયો પણ મહાન ફળને આપનાર થાય છે.

(સુપાત્રને દાન આપતાં જો ચિત્ત વિત્ત અને પાત્રનો ત્રિવેણી સંગમ થઈ જાય તો સંગમ ગોવાળ જેવું મહાફળ પ્રાપ્ત થાય.)

૬૬૨. निन्द्यो न कोऽपि लोके पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।
અર્થ- લોકમાં કોઈપણ નિંદા કરવા લાયક નથી. પાપીમ પાપી જીવોની પણ ભવસ્થિતિ ચિંતવવી.
(જે જીવોને આ સંસારમાં હજુ ઘણા ભવો કરવાના બાકી હોય તેને સત્કાર્ય કરવાનું જલ્દી સૂઝે નહિ. પ્રાયે એવા જીવોની બુદ્ધિ બગડેલી હોય છે તેથી દુષ્કૃત્યોમાં જ રાચતા હોય છે.)

૬૬૩. સમ્યગ્દૃષ્ટિ જીવની ભાવના :—

पडिकूला हवउ सुरा, मायापियरो परम्मुहा हुंतु ।
पीडंतु शरीरं वाहिणो वि, खिसंतु सयणा य ॥
निवडंतु आवयाओ, गच्छउ लच्छी वि केवलं इक्का ।
मा जाउ जिणभत्ती, तदुत्त तत्तेसु तित्तीय ॥

અર્થ- ભલે દેવો પ્રતિકૂળ થઈ જાઓ, માતાપિતા (મારાથી) પરાઙ્મુખ બની જાઓ, વ્યાધિઓ મારા શરીરને ઘેરી વળો, સ્વજનો (મને) તિરસ્કારો, આપત્તિઓ આવો, લક્ષ્મી પણ ભલે ચાલી જાવ, પરંતુ મારી જિન ઉપરની ભક્તિ એક ન જાઓ અને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા એક ન જાઓ.

(સમ્યગ્દૃષ્ટિ આત્માને જિનભક્તિ અને જિનોક્ત તત્ત્વનું મહત્ત્વ હૈયે એટલું બધું વસી ગયું હોય છે કે તેને આ સંસાર, તેનાં સુખો અને પોતાના શરીરની પણ તેને કાંઈ જ પડી નથી હોતી. જિનભક્તિ તો મુક્તિની દૂતિ છે અને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા એ મુક્તિનું દ્વાર ખોલવાની પ્રધાન ચાવી છે. સમકિતી આત્મા જિન પાછળ, જિનભક્તિ પાછળ, જિનતત્ત્વ પાછળ ઘેલો બનેલો હોય છે. તેને મન નથી હવે કિંમત દેહ કંચનની કે કુટુંબની. તેને મન નથી કિંમત હવે જગતના સન્માન-સત્કાર કે સંપત્તિ કે સત્તાની. એ તો હવે જગતનો મટીને શાસનનો જિનનો બની ગયો. હવે તો તે જિનના શાસનનો ઝંડો લઈને 'જૈન શાસન જિંદાબાદ'ના ગગનભેદી નારા લગાવતો દુનિયામાં ઉન્નત મસ્તકે ફરવાનો અને શિવગતિને વરવાનો.)

૬૬૪ सूक्ष्म बुद्ध्या सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिर्नरैः ।
अन्यथा धर्मबुद्ध्यैव तद्विघातः प्रसज्यते ॥

અર્થ- ધર્મના અર્થી પુરુષોએ સૂક્ષ્મબુદ્ધિથી ધર્મ જાણવો જોઈએ નહિતર ધર્મબુદ્ધિથી જ તેના નાશનો પ્રસંગ આવે છે

(ધર્મતત્ત્વ અતિગહન છે માટે તે સૂક્ષ્મ અને સ્વચ્છ બુદ્ધિથી સમજવા જેવું છે. સ્થૂલબુદ્ધિથી ઉપર-છલ્લો ધર્મ સમજીને જો કોઈ તેની સેવા કરવા લાગી જાય તો ધર્મ કરવાને બદલે અધર્મને આચરી બેસે. માટે સૂક્ષ્મતાથી ધર્મનું સ્વરૂપ સમજવા પ્રયત્ન કરવો.)

૬૬૫. [illegible]

અર્થ– કૃતજ્ઞતાના ભાવમાંથી [illegible] ગુણોની (જ્ઞાનાદિ ગુણોની) વૃદ્ધિ થાય છે.

(કૃતજ્ઞતા ગુણ મનુષ્યને પોતાના કર્તવ્ય માટે સદા સભાન રાખે છે. કૃતજ્ઞતા એ સર્વ સદ્‌ગુણોનું મૂળ છે. કૃતજ્ઞતા એ તો ગુણરૂપી વનરાજિને વશ કરવાનું વશીકરણ છે [illegible] વશીકરણ છે.

ઉપકારીઓના ઉપકારોનું નિરંતર સ્મરણ અને તેથી જ તેઓના ઉપર સદ્‌ભાવ રહેવાથી થવાથી સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે.

૬૬૬. धृतो योगो न ममता हता न समता हृता ।
न च जिज्ञासितं तत्त्वं गतं जन्म निरर्थकम् ॥

અર્થ– યોગને ધારણ કર્યો (પણ) મમતાનું મારણ ન કર્યું, સમતાને સાધી નહિ અને તત્ત્વની જિજ્ઞાસા ન જાગી તો જન્મ નિષ્ફળ ગયો જાણવો.

૬૬૭. प्रमादोऽकर्तव्ये प्रवृत्तिः कर्तव्यतश्च निवृत्तिः ।

અર્થ– અકર્તવ્યમાં પ્રવૃત્તિ અને કર્તવ્યનો ત્યાગ (નિવૃત્તિ) તેનું નામ પ્રમાદ.

(જિનેશ્વરદેવોએ જે વસ્તુઓનો નિષેધ કર્યો છે તેને અકર્તવ્ય કહેવાય છે અને તે તારકોએ જે વસ્તુઓને કર્તવ્ય તરીકે ઉપદેશી છે તેને કર્તવ્ય કહેવાય છે.)

૬૬૮. केवलनिश्चयस्यावाग्गोचरत्वात् ।

અર્થ– માત્ર શુદ્ધ નિશ્ચય એ વાણીનો અવિષય છે. વાણી દ્વારા તે સમજાવી શકાતો નથી.

शब्दो घटं वक्ति, ज्ञानमपि घटमेव वेत्ति, वस्त्वपि घटोऽस्ति ।
શબ્દ ઘટને ઘટ કહે છે, જ્ઞાન પણ ઘડાને ઘટ તરીકે જાણે છે અને વસ્તુ પણ ઘટ છે તેથી शब्दो व्यवहारः घटज्ञानं घटश्च निश्चयः, ततः सिद्धं स्वस्वविषये द्वयोः प्राधान्यम् ।
આ ઘડો છે એવો શબ્દ તે વ્યવહાર છે. અને ઘડાનું જ્ઞાન અને ઘટ વસ્તુ તે નિશ્ચય છે, તેથી સિદ્ધ થાય છે કે વ્યવહાર અને નિશ્ચયનું પોત પોતાના વિષયમાં પ્રાધાન્ય છે.

૬૬૯. श्रेयोदानादशिव क्षपणाच्च सतां मतेह दीक्षा ।

(ધર્મપરીક્ષા)

અર્થ– શ્રેયના દાનથી અને અશિવનો ક્ષય કરતી હોવાથી સજ્જનોને દીક્ષા સંમત છે.

૬૭૦. मनः परितोषे बाह्यधनस्येव निष्फलत्वात् ।
અર્થ– નિજગુણના રંગી એવા અધ્યાત્મી પુરુષને મન બાહ્ય જડ સંપત્તિનું કાંઈ જ મૂલ્ય હોતું નથી. જેમ પૂળીઓ ઘાસ.

૬૭૧. सकलस्याचारस्य मूलभूतो गुरुकुलवासः ।
અર્થ– સકલ આચારનું મૂળ ગુરુકુલવાસ છે.

૬૭૨. शीतलविहारिणोऽपि व्याख्यानं कुर्वतः शुद्धप्ररूपणया महती निर्जरा, किं पुनरप्रमत्त विहारिणो ?
અર્થ– શુદ્ધ પ્રરૂપણાથી વ્યાખ્યાન કરનાર શિથિલાચારીને પણ ઘણી નિર્જરા થાય છે તો પછી ઉગ્રવિહારી જો શુદ્ધ પ્રરૂપક હોય તો પછી તેની નિર્જરાનું તો પૂછવું જ શું ?

૬૭૩ [illegible]

અર્થ– [illegible]

૬૭૪. [illegible]

અર્થ– [illegible]

૬૭૫. आसनजय एव ध्यानस्य प्रथमः प्राणः ।

અર્થ– આસનનો જય જ ધ્યાનનો પ્રથમ પ્રાણ છે. (ધ્યાનમાં આહાર જય, નિદ્રા જય અને ઇન્દ્રિય જયની માફક આસન જય પણ અતિ આવશ્યક અંગ છે)

૬૭૬. यत्र मनस्तत्र पवनो यत्र पवनस्तत्र मनोऽवर्तते
दुग्धाम्बुवत्संमिलितो सदैव, तुल्यक्रियो मानसमारुतौ ।
(યોગ શાસ્ત્ર)

અર્થ– જ્યાં મન ત્યાં પવન અને જ્યાં પવન ત્યાં મન રહે છે. દૂધ અને પાણીની જેમ હંમેશાં જ મન અને પવન સંમિલિત રહે છે. મન અને પવન તુલ્ય ક્રિયાવાળાં છે. જ્યાં મનની પ્રવૃત્તિ છે ત્યાં પવનની પ્રવૃત્તિ છે અને જ્યાં પવનની પ્રવૃત્તિ છે ત્યાં મનની પ્રવૃત્તિ છે. તે બંનેમાંથી એકનો નાશ કરવામાં આવે તો બીજાનો પણ નાશ થાય.

૬૭૭. मरूत्जये मनोश्चलता स्यादेव । (યોગ શાસ્ત્ર)

અર્થ– પવનનો જય કરવાથી મનની નિશ્ચલતા થાય જ.

૬૭૮. सव्वजिणाणं जम्हा वकुसकुसीलेहि वट्टए तित्थम् ।

અર્થ– સર્વે જિનેશ્વર દેવોનું તીર્થ (શાસન) બકુશ અને કુશીલ સાધુઓથી વર્તે છે (ટકે છે).

૬૭૯. पाएण मिट्ठमन्नं जणेइ जीवाण गाढरसगिद्धिं ।
तत्तो भववुड्ढी, ता परमत्थेण कडुयमिणं ।

(ધર્મરત્ન પ્રકરણ)

અર્થ– પ્રાયે કરીને મીઠું ભોજન જીવોને (મનુષ્યોને) ગાઢ રસાસક્તિ ઉત્પન્ન કરે છે અને તેથી ભવવૃદ્ધિ થાય છે. અને તે ભવવૃદ્ધિ પરમાર્થથી કટુ ફળોને આપે છે. (મીઠું ખાવાના શોખીનો ધર્મની મીઠાશને ખોઈ બેસે છે. તેઓને પછી ધર્મ કરવા છતાં ધર્મની મિઠાશનો અનુભવ થતો નથી. મીઠું ભોજન પરિણામે અનેક પ્રકારના દ્રવ્ય રોગો અને ભાવરોગોને જન્મ આપે છે. માટે આત્માર્થીએ મિષ્ટ ભોજનનો ત્યાગ કરવો જોઈએ.).

૬૮૦. तूलशय्यासनं वस्त्र तांबूलं स्नान मंडनं
दंतकाष्ठं सुगंधं च ब्रह्मचर्यस्य दूषणानि ।

અર્થ– રૂંવાળી શય્યા (પથારી-સંથારો) રૂંવાળું આસન, રૂંવાળાં વસ્ત્રો, તાંબુલ, સ્નાન, શૃંગાર, દાતણ (દાંત સાફસૂફ રાખવા) અને સુગંધ, આ વસ્તુઓ બ્રહ્મચર્યને દૂષિત કરનારી છે. (શુદ્ધ બ્રહ્મચર્ય પાળનારી વ્યક્તિઓએ ઉપરની બાબતોને છોડી દેવી)

૬૮૧. गुरुसेवा कल्पतरो, नरो न रोगैरभिद्रुतो भवति । ज्ञान दर्शन चरणं नादिगतै सद्गुण वर्धते ॥ (ધર્મરત્ન પ્રકરણ)

અર્થ– ગુરુસેવામાં પરાયણ પુરુષ રોગોથી પીડાતો નથી અને જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સદ્ગુણોના સમુદાયથી શણગારાય છે (શોભે છે).

(વિધિ અને બહુમાનપૂર્વકની ગુરુસેવા એ તો દ્રવ્ય રોગો અને ભાવરોગોનું મહા ઔષધ છે.)

૬૮૨. [illegible] ([illegible])

અર્થ– [illegible]

૬૮૩. [illegible]

અર્થ– સ્ત્રીનું સાંનિધ્ય બ્રહ્મચારીઓ માટે મહાન અનર્થ બને છે.

(જ્યાં બિલાડીનો વાસ હોય ત્યાં ઉંદરોએ રહેવું સહિસલામત નથી, તેમ જ્યાં સ્ત્રી હોય ત્યાં બ્રહ્મચારીએ રહેવું સહિસલામત નથી.)

૬૮૪. जस्स धिई तस्स तवो, जस्स तवो तस्स सुग्गइ सुलहा ।
जे अधिइमंत पुरिसा तवोऽवि खलु दुल्लहो तेसिं ॥

અર્થ– જેને ધૃતિ (સંયમમાં રતિ) છે તેને તપ છે, અને જેને તપ છે તેને સદ્‌ગતિ સુલભ છે. જે અધૃતિમાન પુરુષો છે તેઓને તપ પણ ખરેખર દુર્લભ છે.

૬૮૫. पुरुषोत्तमत्वाद् धर्मस्य । (સૂયગડાંગ સૂત્ર ધર્માધ્યયન)

અર્થ– ધર્મ પુરુષપ્રધાન છે, કારણ કે તેના પ્રવર્તક તીર્થંકરો છે. દ્વાદશાંગીના પ્રણેતા પણ ગણધરો છે. શાસનની ધુરાને વહન કરનારા આચાર્યો પણ પુરુષ જ છે. ગચ્છનું સુકાન, શાસન, સંઘનું સુકાન આચાર્યો વગેરેના હાથમાં છે.

૬૮૬. ज्ञानमपि तदेव परमार्थतो यत्परपीडातो निवर्तनं ।

અર્થ– વાસ્તવિક જ્ઞાન તે જ છે કે જે પરપીડનથી આત્માને પાછો વાળે.

(ક્રોડો શ્લોકો કંઠસ્થ કર્યાથી પણ શું ? અને

(પારકા જીવને દુઃખ દેવું) ન કરવી એ ન જાણ્યું તો જ્ઞાન આવે અને દયા ન આવે તો તે જ્ઞાન પણ એક પ્રકારનું અજ્ઞાન જ જાણવું.)

૧૮૭. परीषहोपसर्गजयः अभ्यासक्रमेण विधेयः, अभ्यासवशेन हि दुष्करमपि सुकरं भवति ।

અર્થ – પરીસહ અને ઉપસર્ગનો જય અભ્યાસના ક્રમથી કરવો જોઈએ. કારણ કે અભ્યાસથી દુષ્કર કામ પણ સુકર બની જાય છે.

(પરીસહ અને ઉપસર્ગ સહન કરવાનો રોજ થોડો થોડો પણ અભ્યાસ પાડવો જોઈએ. પરીસહ કે ઉપસર્ગની બીક મનમાં ન રાખવી જોઈએ.)

૧૮૮. शरीरमात्रव्यापी संसार्यात्माऽस्ति, तत्रैव तद् गुणोपलब्धेः ।

અર્થ – સંસારી આત્મા શરીર માત્ર વ્યાપી છે કારણ કે ત્યાં (શરીરમાં જ) તેના જ્ઞાનાદિ ગુણો દેખાય છે. (કર્મબદ્ધ સંસારી આત્મા શરીરને છોડીને બીજે ક્યાંયે રહેતો નથી. માટે સંસારી આત્મા શરીર વ્યાપી જ છે. કારણ કે શરીરમાં જ સુખદુઃખનો અનુભવ થાય છે.)

૧૮૯. न आत्मनो बहुश्रुतत्वेन तपस्वित्वेन वा प्रकाशनं कुर्यात् ।

અર્થ – પોતાની જાતને (આત્માને) બહુશ્રુત તરીકે કે તપસ્વી તરીકે જાહેર કરવી ન જોઈએ.

૧૯૦. व्याख्यानं कुर्वन् श्रोतृभ्यः श्लाघायाः फलं नेच्छेत् ।

અર્થ – વ્યાખ્યાન કરતાં શ્રોતાઓ તરફથી પોતાની પ્રશંસા રૂપ ફળની ઇચ્છા ન કરવી. (કેવળ નિર્જરાબુદ્ધિ અને ઉપકારની ભાવનાથી પ્રેરાઈને સાધુઓએ વ્યાખ્યાન આપવું જોઈએ)

૬૯૧ यत्र प्रमादस्तत्र कषाया नियमाद् भवन्ति, कषायेषु योगाः योगिनस्तो भाज्या । ([illegible])

અર્થ– જ્યાં પ્રમાદ હોય ત્યાં નિયમા (અવશ્ય) કષાયો હોય છે. કષાયવાળાને યોગો (મન, વચન, કાયાના) હોય જ. પરંતુ યોગવાળાને કષાયો હોય કે ન પણ હોય.

૬૯૨. लोमाहारस्तु वाय्वादि स्पर्शेण भवति ।

અર્થ– લોમાહાર તો વાયુ આદિના સ્પર્શથી રોમોમાં જીવને હોય છે

(શરીર પર્યાપ્તિ પૂરી કર્યા બાદ લોમાહાર ચાલુ થઈ જાય. મતાંતરે છએ પર્યાપ્તિઓ પૂરી થયા બાદ સદા લોમાહાર હોય એમ માને છે.

ત્રણ પ્રકારના આહાર છે–કવલાહાર, લોમાહાર અને ઓજાહાર.

૬૯૩. तीव्राध्यवसायिनोऽल्प कायसत्व व्यापादनेऽपि महद् वैरम्, अकामस्य तु महाकाय सत्व व्यापादनेऽपि स्वल्पम् ।

અર્થ– તીવ્ર કષાયના અધ્યવસાયવાળાને નાના શરીરવાળા જીવને મારવામાં પણ ઘણું વેર (મહાન પાપબંધ) બંધાય અને અજાણતાં કદાચ મોટી કાયાવાળો જીવ મરી ગયો તો પણ અલ્પ વેર બંધાય. (ઓછું પાપ બંધાય)

(એકાંતે એમ ન કહેવાય કે નાના જીવને મારવામાં ઓછું પાપ અને મોટા જીવને મારવામાં ઘણું પાપ. પરંતુ મારનારનો તીવ્રભાવ–મંદભાવ, જાણપણું–અજાણપણું, મહાવીર્ય–અલ્પ વીર્ય, તીક્ષ્ણ શસ્ત્ર–સામાન્ય શસ્ત્ર આ પણ બધા કારણો કર્મના ઓછા–વત્તા બંધમાં કારણભૂત છે.)

૬૯૪. व्यवहारनयश्चलितमेव चलितमिति मन्यते, निश्चयस्तु चलदपि चलितमिति।

અર્થ– વ્યવહારનય ચલિત વસ્તુને ચલિત માને છે, જ્યારે નિશ્ચયનય ચલમાનને પણ ચલિત માને છે. (બંને નયો પોતપોતાની દૃષ્ટિએ સાચા છે)

૬૯૫. उन्मार्गदेशको, मार्गनाशको, गूढहृदयो, मायावी, शठस्वभावः, सशल्यश्च जीवस्तिर्यगायुर्बध्नाति।

અર્થ– ઉન્માર્ગનો ઉપદેશ આપનારો, સન્માર્ગનો નાશ કરનારો, ગૂઢ હૃદયવાળો, માયાવી, શઠસ્વભાવી, શલ્યવાળો જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે છે.

૬૯૬. यथा वस्तु तथा भावः। (ભગવતીસૂત્ર, શતક ૩)

અર્થ– જેવી વસ્તુ તેવો ભાવ હૈયામાં જોઈએ. (વસ્તુ ઉપાદેય તો તેના પ્રત્યે આદરનો ભાવ જોઈએ અને વસ્તુ હેય તો તેના પ્રત્યે અનાદરનો ભાવ જોઈએ.)

૬૯૭. विनाशस्य पर्यायान्तर गमनमात्र रूपत्वात्।

અર્થ– માત્ર અન્ય પર્યાય રૂપે પરિણમવું તેનું નામ છે વિનાશ. (જૈનદર્શન મતે સર્વથા કોઈપણ વસ્તુનો નાશ થતો નથી. માત્ર તેનો પર્યાય જ બદલાય છે.)

૬૯૮. श्रवणात् श्रुतज्ञानमवाप्यते।

અર્થ– સદ્ગુરુ મુખે શ્રવણ કરવાથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. (પોતાની મેળે પુસ્તકો કે શાસ્ત્રો વાંચી જવાથી કે ભણી જવાથી વાસ્તવિક શ્રુતજ્ઞાન પ્રાપ્ત ન થાય.)

૬૯૯. निच्छयनाणी चिय पाव पच्चक्खाणं करेइ, जं पच्चक्खाणस्स संजमो भवति ।

અર્થ - નિશ્ચયજ્ઞાની જ પાપનાં પચ્ચખાણ કરે છે. કારણ કે પ્રત્યાખ્યાન કરેલાને જ સંયમ થાય છે
(પ્રત્યાખ્યાન [હિંસાદિ પાપો ન કરવાની પ્રતિજ્ઞા] કરવાથી જ સંયમ આવે.)

૭૦૦. असङ्ख्यात प्रदेशेऽपि लोकेऽनन्ता जीवा वर्तन्ते, तथा विध-स्वरूपत्वाद् एकत्राश्रये सहस्रादिप्रदीपप्रभा इव ।

અર્થ– લોકાકાશના અસંખ્યાતા પ્રદેશો ઉપર પણ અનંતા જીવો રહેલા છે. તથા પ્રકારનું વસ્તુસ્વરૂપ હોવાથી જેમ એક જ ઓરડામાં હજારો દીવાઓની પ્રભા સમાય છે તેમ.

(આજના વૈજ્ઞાનિકે કેમિકલ પ્રયોગ દ્વારા એક મોટા વિશાળ મકાન જેવડા લોઢાના ગોળાને ફક્ત ત્રણ ઈંચની જગ્યામાં સમાવી દીધો છે. જૈનદર્શન તો પુદ્ગલોનો પરિણામ વિચિત્ર પ્રકારનો છે, એમ અનાદિકાળથી કહેતું આવ્યું છે જો અનંતા રૂપી પુદ્ગલો થોડીક જગ્યામાં જ સમાઈ શકે તો પછી અરૂપી અનંતા જીવો અસંખ્યાત યોજન પ્રમાણ લોકમાં સમાય એમાં તો પૂછવાનું જ શું ?

૭૦૧. प्र. जीवति प्राणान् धारयति यः स जीवः उत यो जीवः स जीवति ?

उत्तरं तु–यो जीवति स तावन्नियमाज्जीवः अजीवस्यायुः कर्माभावेन जीवनाभावात्, जीवस्तु स्याज्जीवति स्यान्न जीवति, सिद्धस्य जीवनाभावात् । संसारिणः सर्वस्य प्राण धारण धर्मकत्वात् ।

અર્થ– પ્રશ્ન–જે પ્રાણોને ધારણ કરે છે તે જીવ છે કે જે જીવ છે તે જીવે છે?

ઉત્તર–જે જીવે છે તે તો નિયમા જીવ છે, કારણકે અજીવને તો આયુષ્યકર્મનો અભાવ હોવાથી જીવનનો સુતરાં અભાવ છે. પરંતુ જીવ છે તે કથંચિત્ જીવે છે. કથંચિત્ નથી જીવતો. કેમકે સિદ્ધના જીવોને (પ્રાણોનો) અભાવ છે, માટે તે અપેક્ષાએ તે જીવતા નથી. જ્યારે સર્વ સંસારી જીવો પ્રાણો વગર જીવી શકતા નથી, માટે તે અપેક્ષાએ તેઓ જીવતા છે. એટલે કે અપેક્ષાએ સિદ્ધના જીવો (દ્રવ્ય પ્રાણોની અપેક્ષાએ) અજીવ કહેવાય, જ્યારે સંસારી જીવો શુદ્ધભાવ પ્રાણોની (શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્રની) અપેક્ષાએ અજીવ કહેવાય. સામાન્ય ચૈતન્યની અપેક્ષાએ તે બન્ને પ્રકારના (સિદ્ધો અને સંસારી) જીવો જીવ કહેવાય. (સ્યાદ્વાદ તે આનું નામ.)

૫૦૨. पूर्वस्मिन्नह्नि यत्र स्थाने उदितः सूर्यस्तस्मिन् पुनर्द्वितीय-[illegible]।

અર્થ– જે દિવસે જે સ્થાનમાં સૂર્ય ઉગ્યો તે સ્થાને ફરીથી બે અહોરાત્ર વિત્યા બાદ તે સૂર્ય ઉગે છે
(જંબુદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે.)

૫૦૩. प्राणिनः प्राणित [illegible] कर्म गृह्णन्ति [illegible] [illegible] दुःखं न [illegible] [illegible] न [illegible]।

અર્થ– પાપો કરીને પ્રાણીઓ આ સંસારમાં જ્યાં સુધી તેઓને દુઃખ આવતું નથી અને અનુભવ કર્યો નથી ત્યાં સુધી આગળ પાપને ત્યજી શકતા નથી. તંદુલીયા મચ્છની જેમ.

૭૨૫. आतपोद्योतयोः युगपद् बन्धो न भवति ।

([illegible])

અર્થ- આતાપ નામકર્મનો અને ઉદ્યોત નામકર્મનો એકસાથે કર્મબંધ ન થાય.

૭૨૬. सकलातिचारबीजक 'सव्वस्सवि देवसिअ' इत्यादि सूत्रं भणित्वा मिथ्यादुष्कृतं दत्ते, इदं च सकलप्रतिक्रमण बीजक भूतं ज्ञेय ।

અર્થ- સકલ અતિચારના બીજભૂત 'સવ્વસ્સવિ દેવસિઅ' ઇત્યાદિ સૂત્ર બોલીને મિચ્છામિ દુક્કડં દેવો જોઈએ. અને આ મિચ્છામિ દુક્કડં એ સકલ પ્રતિક્રમણનું મૂળભૂત બીજ (રહસ્ય) જાણવું.

(सव्वस्सवि देवसिअ .... इच्छाकारेण स दिसह ભગવન્ ? ગુરુમહારાજ કહે પડિક્કમેહ, ત્યારે સંઘે એક સાથે 'इच्छं', तस्स मिच्छामि दुक्कडं' બોલવું જ જોઈએ. જો ત્યાં ઉપયોગ ન રહ્યો તો પ્રતિક્રમણના સાચા લાભથી રહી ગયા સમજવું.)

૭૨૭. ज्ञानादिषु चारित्रं गरिष्ठं ।

અર્થ- જ્ઞાન દર્શન અને ચારિત્ર ત્રણેમાં ચારિત્ર શ્રેષ્ઠ છે. કારણ કે જ્ઞાન દર્શન પણ ચારિત્રથી યુક્ત હોય તો જ મોક્ષદાયક બની શકે, નહિતર નહિ.

૭૨૮. सर्वमपि धर्मानुष्ठानं समतापरिणामे स्थितस्य सफलं भवति।

અર્થ- બધાંયે ધર્માનુષ્ઠાનો સમતાના પરિણામમાં સ્થિર હોય તેને સફળ થાય છે.

(ચિત્તમાં કષાય ન હોય તો ચિત્ત શાન્ત રહે અને ચિત્ત શાન્ત હોય અને ધર્માનુષ્ઠાન થાય તો તેમાં ચિત્તનો ઉપયોગ રહે અને ઉપયોગ હોય તો ધર્માનુષ્ઠાનથી ધર્મ થાય, કારણ કે ઉપયોગે ધર્મ છે)

७२९. इच्छाया निरोधस्तदेव नैश्चयिकं तपः अथवा इच्छा निरोधस्य तदभ्यासात्मकं हेतुरूपं निदानरूपं वा यदनशनादि सेवनं तदपि व्यवहारेण तपः प्रकीर्त्यते ।

અર્થ– ઈચ્છાનો નિરોધ તે જ નિશ્ચયથી તપ છે. અથવા ઈચ્છાનિરોધના અભ્યાસરૂપ જે હેતુસ્વરૂપ કે નિદાનસ્વરૂપ જે અનશનાદિ તપનું સેવન તે પણ વ્યવહારથી તપ કહેવાય છે.

(વ્યવહાર સ્વરૂપ અનશનાદિ તપને છોડી દેનારા કદીયે ઈચ્છા નિરોધરૂપ નિશ્ચય તપને પામી શકતા નથી, અને ઈચ્છા નિરોધરૂપ નિશ્ચય તપના ધ્યેય વગરનો માત્ર અનશનાદિ તપ પણ મુક્તિસાધક બનતો નથી. વ્યવહારને છોડીને નિશ્ચયને પામી શકાતું નથી તેમ નિશ્ચયને પામવાના લક્ષ વિનાનો એકલો વ્યવહાર પણ કામિયાબ નિવડતો નથી.)

७३०. तपसः प्रादुर्भावो मोहनीयवीर्यान्तराय-क्षयोपशमात् ।

અર્થ– તપનો જન્મ મોહનીયકર્મના અને વીર્યાન્તરાય-કર્મના ક્ષય કે ક્ષયોપશમથી થાય છે.

७३१ [illegible]
[illegible]

અર્થ– બહારમાં જણાતી (જીભ) રસના, (સ્પર્શેન્દ્રિય) ત્વચા, નાસિકા, (નાક) આંખ, કાન એ બાહ્ય ઈન્દ્રિયો નથી. પરંતુ તે તે ઈન્દ્રિયોની અંદરમાં રહેલી શક્તિરૂપ ઉપકરણ ઈન્દ્રિયો કહેવાય છે જે [illegible] વિષયનું જ્ઞાન કરવામાં ઉપયોગી છે. આ પ્રકાર દેખાતી ઈન્દ્રિયો તો અભ્યંતર ઈન્દ્રિયોના આધારરૂપ જાણવી.

૭૩૨. एक देशस्थमनः करणेन सर्वात्म प्रदेशेषुपयोग प्रवृत्ति नं संभवति, उपयोग प्रवृत्तिस्तु सर्वाऽऽत्म प्रदेशेषुविलोक्यते ततो मनसः एक देश स्थिति कल्पनाऽकल्पनीया, यच्च पुनः सुखदुःखादि अनुभवलक्षणं मनोज्ञानं सर्वाऽऽत्म प्रदेशेषु संजायते, यच्च सर्व बात्याऽऽभ्यन्तर देहव्यापि स्पर्शनेन्द्रियेण सर्वप्रदेशेषु स्पर्शज्ञानं प्रादुर्भवति तदपि सर्वात्म प्रदेशव्यापिना मनसा विना संजाघटीति ॥

અર્થ– જો કોઈ નિયત શરીરના એક અમુક ભાગમાં જ મન રહેતું માનવામાં આવે તો સર્વ આત્માના પ્રદેશોમાં મનના ઉપયોગની પ્રવૃત્તિ ઘટી શકે નહિ. અને મનના ઉપયોગની પ્રવૃત્તિ તો સર્વ આત્માના પ્રદેશોમાં જોવામાં (અનુભવવામાં) આવે છે, તેથી મનની કોઈ એક નિયત સ્થળમાં કલ્પના કરવી બરાબર નથી. કેમકે સુખ દુઃખાદિનો અનુભવ સ્વરૂપ મનોજ્ઞાન સર્વ આત્માના પ્રદેશોમાં થાય છે. બીજું સર્વ બાહ્ય અભ્યંતર દેહવ્યાપી સ્પર્શેન્દ્રિયવડે સર્વ આત્મપ્રદેશોમાં સ્પર્શજ્ઞાન ઉત્પન્ન થાય છે તે પણ સર્વ આત્મપ્રદેશ વ્યાપી મન વિના ઘટતું નથી.

માટે મન સર્વ આત્મપ્રદેશ વ્યાપી છે એમ માનવું એ જ યુક્તિ યુક્ત છે

(દિગંબરો દ્રવ્યમન એ અષ્ટદલ પદ્માકાર છે અને તે હૃદયમાં જ રહેલું એમ માને છે પણ તે બરાબર નથી)

પગમાં કાંટો વાગતાં જ મગજને તરત જ ખબર પડી જાય છે. એ જ બતાવે છે કે મન સર્વ શરીર વ્યાપી છે, અમુક જ શરીરના ભાગમાં રહેનારૂં નથી

૭૩૩. उपयोगस्वभावापेक्षया जीवद्रव्यं सादिपरिणामभाक्, चेतनापेक्षया तु अनादिअनन्तपरिणामभाक् ।

અર્થ – ઉપયોગ સ્વભાવની અપેક્ષાએ જીવદ્રવ્ય આદિ પરિણામવાળું છે પરંતુ ચેતનની (ચૈતન્ય) અપેક્ષાએ અનાદિ અનંત પરિણામવાળું છે.

૭૩૪. पुद्गलद्रव्यं तु वस्तुतः परमाण्वात्मकमेव, स्कन्ध, देश, प्रदेशास्तु तस्य परमाणोरेव विकाराः ।

અર્થ – પુદ્ગલદ્રવ્ય તો વસ્તુતઃ પરમાણુમય જ છે. તેના સ્કંધ, દેશ, પ્રદેશો તો તે પરમાણુના જ વિકારો (પર્યાયો) છે.

૭૩૫. परमाणुरप्रतिहतगतिरुच्यते ।

અર્થ – પરમાણુ તો અપ્રતિહત ગતિવાળો કહેવાય છે.

(પરમાણુ એક સમયમાં એક લોકના છેડેથી બીજા લોકના છેડે એક સમયમાં પહોંચી શકે છે.)

૭૩૬. धर्मादयो न द्रव्यरूपाः, किन्तु पुद्गल[illegible]गुणरूपाः ।

૭૩૭. कस्मिंश्चिदपि कार्ये कारणचतुष्टयमपेक्षितम्, उपादान-कारणं, अपेक्षाकारणं, निमित्तकारणं, असाधारणकारणञ्च। कुंभकारो घटं निर्मिमीते तत्र मृत्तिका उपादानकारणम्, दण्डचक्रादि निमित्तकारणं, चक्रभ्रमणमसाधारणकारणम्, आकाशाद्यपेक्षाकारणम् ।

અર્થ– કોઈપણ કાર્યમાં ચાર કારણો અપેક્ષિત છે. તેમાં ઉપાદાનકારણ, અપેક્ષા કારણ, નિમિત્તકારણ અને અસાધારણ કારણ. કુંભાર ઘડો બનાવે છે ત્યાં માટી ઉપાદાન કારણ છે, દંડ ચક્ર ચીવર વગેરે નિમિત્ત કારણ છે, ચક્રભ્રમણ (કુંભારના ચાકડાનું ભમવું) તે અસાધારણ કારણ છે, આકાશ કાળાદિ તે અપેક્ષા કારણ છે.

૭૩૮. यद् द्रव्यं गत्यादिक्रियोपेतं तत् सक्रियं, अन्यदक्रियं, द्रव्येषु षट्सु जीवपुद्गलाख्ये द्रव्ये सक्रिये, शेषाणि निष्क्रियाणि ।

અર્થ– જે દ્રવ્ય ગતિ આદિ ક્રિયાથી યુક્ત હોય તે સક્રિય દ્રવ્ય કહેવાય અને બીજા ગતિ આદિ ક્રિયાથી રહિત હોય તે અક્રિય દ્રવ્ય કહેવાય. છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ નામના બે દ્રવ્યો સક્રિય છે, બાકીનાં ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે.

૯. षट्सु द्रव्येषु व्यवहार नयमङ्गीकृत्य जीवपुद्गले अनित्ये, निश्चयनयेन तु षड् द्रव्याण्यपि नित्यानि च ।

અર્થ– છ દ્રવ્યોમાં વ્યવહારનયની અપેક્ષાએ જીવ અને પુદ્ગલ દ્રવ્યો અનિત્ય છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો છ એ દ્રવ્યો નિત્ય છે.

૩૫૦. धर्मास्तिकाय द्रव्यं अमूर्तत्वाऽचेतनत्वाऽक्रियत्व गतिसहायकत्वादि गुणैर्नित्यं, देश प्रदेशा-ऽगुरुलघुपर्यायैरनित्यं च।

जीवद्रव्यं ज्ञान-दर्शन-चारित्र वीर्यादि गुणैः। अमूर्तत्वादिभिः पर्यायैश्च नित्यं, देवत्व-मनुजत्वादिभिरनित्यं।

અર્થ– ધર્માસ્તિકાય દ્રવ્ય તેના અમૂર્તતા, અચેતનતા, અક્રિયત્વ, ગતિસહાયતા વગેરે ગુણોથી નિત્ય છે, જ્યારે તે તેના દેશ, પ્રદેશ, અગુરુલઘુ પર્યાયોથી અનિત્ય છે.

જીવદ્રવ્ય તેના જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યાદિ ગુણોથી અને અમૂર્તતાદિ પર્યાયોથી નિત્ય છે અને દેવત્વ મનુષ્યત્વ વગેરે પર્યાયોથી અનિત્ય છે.

એવી જ રીતે કાળદ્રવ્ય પણ તેના અમૂર્તતા, અચેતનતા, અક્રિયત્વ, વર્તનાદિ ગુણોથી નિત્ય છે, જ્યારે અતીત, અનાગત વર્તમાન પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. પુદ્ગલ દ્રવ્ય પણ તેના મૂર્તત્વ, અચેતનત્વ વગેરે ગુણોથી નિત્ય છે, જ્યારે સ્કંધત્વ દેશત્વ, પ્રદેશત્વ, પરમાણુત્વ વગેરે પર્યાયોથી અનિત્ય છે.

૩૫૧. ननु किमिदं जिनप्रोक्त [illegible] कानि कानि सन्ति शाश्वतानि कानि च अशाश्वतानि? अत्राह–अङ्गानां [illegible] [illegible] [illegible]

[illegible]

અર્થ- શંકા—શું લોકમાં રહેલી શાશ્વતી જિન પ્રતિમા, જિન ચૈત્ય, મેરૂ પર્વત વગેરે જે જે વસ્તુઓ રહેલી છે તે નિત્ય છે કે અનિત્ય?
સમાધાન—જગતમાં જે જે શાશ્વતા પદાર્થો છે તે આકાર અથવા પરિમાણ માત્રથી નિત્ય જાણવા, કેમકે તેઓનો કાલાંતરે પણ કદીએ તેઓના આકારમાં કે પરિણામમાં જરાએ ફેરફાર થતો નથી. પરંતુ તે શાશ્વતી વસ્તુઓમાં રહેલા પુદ્ગલ પરમાણુઓને આશ્રીને (અપેક્ષાએ) તે પદાર્થો અનિત્ય છે. કારણ કે પ્રતિ સમય તે તે શાશ્વત પદાર્થોમાંથી અનંતા પુદ્ગલપરમાણુઓ અલગ થાય છે અને અનંતા નવા ત્યાં જઈને ભળે છે. માત્ર તે શાશ્વતા પદાર્થો તે પોતાના સ્થાનથી અને પોતાની આકૃતિથી લેશમાત્ર કદીયે ચલિત ન થાય.

૭૪૨. संज्ञादिना हि प्रयोजनं सूचयतो मौनं निष्फलम् ।

અર્થ- હાથ પગની ચેષ્ટા કે માથું ધૂણાવવા વડે પ્રયોજન બતાવવાથી મૌન નિષ્ફળ જાય છે.
(મૌન વ્રત ધારણ કર્યા પછી કોઈ કામ ઓચિંતુ આવી પડતાં ચપટી વગાડીને, કે હાથ લાંબો કરીને કે લખીને કામનું સૂચન થાય નહિ.)

૭૪૩. यदा सम्यक्त्वमोहनीयस्य विपाकोदयः तदैव मिथ्यात्वमोहनीयस्य प्रदेशोदयः ।

અર્થ- જ્યારે સમ્યક્ત્વ મોહનીયનો વિપાકોદય હોય ત્યારેજ મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય હોય.

૩૭૪. ध्येयभेदापेक्षया पिण्डस्थ पदस्थ रूपस्थ रूपातीतभेदेन धर्मध्यानं चतुर्विधम् ।

અર્થ– ધ્યેય ભેદની અપેક્ષાથી ધર્મધ્યાનના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત નામના ચાર ભેદ પાડેલા છે.

૩૭૫. तत्र सचेतनजिनपिण्डं भावजिन शरीरमाश्रित्य यद्ध्यानं तत्पिण्डस्थम् ।

અર્થ– ત્યાં ભાવજિનના શરીરનું આલંબન લઈને જે ધ્યાન કરવામાં આવે તેને પિંડસ્થ ધ્યાન કહે છે.

पदस्थ ध्यानं—" नमो अरिहंताणं " इति ध्येयपदानामथवा पदशब्देन केवल्याश्रितं तत्र सिद्धानि पदस्थानीयतीर्थंकर गणधर मुनयस्तेषां ध्यानमथवा पद शब्देनाऽऽगम पदानि तेषां ध्यानं विचारणमिति पदस्थ ध्यानम् ।

यत्पदानि पवित्राणि समालम्ब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं ध्यानं सिद्धान्तपारगैः ॥
रूपस्थ ध्यान–जिनेन्द्र प्रतिमा रूपमपि निर्मल मानसः;
निर्निमेषदृशा ध्यायन् रूपस्थ ध्यानवान् भवेत् ॥
रूपातीत ध्यान—निरञ्जन निराकार चिदानंद रूपस्यामूर्तस्य परमात्मनो यद् रूपरहितं ध्यानं तद् रूपातीतम् ॥

પદસ્થધ્યાનમાં "નમો અરિહંતાણં" એ ધ્યેય પદનું ધ્યાન અથવા પદ શબ્દથી કેવળજ્ઞાનિપદ ઉપર રહેલા પદસ્થો તીર્થંકર ગણધર–મુનિઓ એમનું ધ્યાન અથવા પદ શબ્દથી આગમના પદો (પદાર્થ–ગાથાઓ)

તેનું ધ્યાન (એકાગ્ર ચિંતન) કરવું તેને પદ;
પદસ્થ ધ્યાન કહેવાય છે.

" જે પવિત્ર પદો તેનું આલંબન લઈને જે ધ્યાન કરાય તે ધ્યાનને શાસ્ત્રના પારગામીઓએ પદસ્થ ધ્યાન કહ્યું છે

રૂપસ્થ ધ્યાનમાં નિર્મળ મનવાળો નિર્નિમેષ દૃષ્ટિથી જિનેન્દ્રની પ્રતિમાના રૂપનું ધ્યાન કરતો રૂપસ્થ ધ્યાનવાળો થાય.

રૂપાતીત ધ્યાન-નિરંજન નિરાકાર ચિદાનન્દ સ્વરૂપ અરૂપી એવા પરમાત્માનું રૂપવર્જિત જે ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.

૭૪૬. तैजसकार्मणयोस्तु जीव प्रदेश समान संस्थान त्वान्नास्त्यङ्गोपाङ्ग सम्भवः ।

અર્થ– તૈજસ અને કાર્મણ શરીરનું સંસ્થાન આત્માના પ્રદેશ સમાન હોવાથી તેઓને અંગોપાંગનો સંભવ નથી.

૭૪૭ यच्च तीर्थंकरऽप्यभव्यानां द्वप्यो भवति तत्र न तीर्थंकर दुर्भगत्वं निमित्तं, किन्तु तद्गत मिथ्यात्वदोष एव इति अवधेय ।

અર્થ– તીર્થંકર પણ જે અભવ્ય જીવોને દ્વેષ કરવા લાયક બને છે, ત્યાં તીર્થંકરમાં રહેલું દૌર્ભાગ્ય નામ કર્મ કારણ નથી, પરંતુ અભવ્યોમાં રહેલો મહામિથ્યાત્વનો દોષ એ જ કારણભૂત છે એમ જાણવું.

૭૪૮. सर्वोऽपि स्थितिबन्धः संक्लेश (कषायोदय) प्रत्ययः, तत्र नरामर तिर्यगाद्वपि वर्जयित्वा शेषाणां निखिलानामपि

शुभाऽशुभानां प्रकृतीनामुत्कृष्ट स्थितिबन्धे उत्कृष्ट संक्लेश कारणम् ।

અર્થ– સર્વ સ્થિતિબંધ સંક્લેશ (કષાયના ઉદયના કારણે ?) ના કારણે છે. ત્યાં મનુષ્યાયુ, દેવાયુ અને તિર્યંચાયુને છોડીને બાકીની બધી જ શુભાશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં ઉત્કૃષ્ટ સંક્લેશ કારણ છે.

૭૪૯. अचिन्त्य-स्वाऽऽत्मजीवानां पुद्गलानां च शक्तिः ।

અર્થ– જીવો અને પુદ્ગલોની અચિન્ત્ય શક્તિ છે.

૭૫૦. स्वल्पमपि केवलज्ञानकेवलदर्शनरसस्य सर्वघातित्वात्, सर्वघातिनां च अल्पस्य चेदपि द्विस्थानकरसस्यैव सम्भवात् ।

અર્થ– અલ્પ પણ કેવલજ્ઞાન અને કેવલદર્શનનો રસ સર્વઘાતી છે. સર્વઘાતી પ્રકૃતિઓનો અલ્પરસ પણ બે સ્થાનિક રસ તો હોય જ

૭૫૧. एकस्थानकरसानि च देशघातिन्येव सन्ति ।

અર્થ– એક સ્થાનિક રસવાળી તો દેશઘાતી જ પ્રકૃતિઓ હોય છે.

૭૫૨. सर्वं लोकं धर्मास्तिकायाः [illegible] इति [illegible] ।
[illegible] पुद्गलाः इति [illegible] ।

અર્થ– ધર્માસ્તિ [illegible] લોકાકાશવ્યાપ્ત હોય છે, અને અધર્માસ્તિ [illegible] લોકાકાશવ્યાપ્ત પુદ્ગલો છે, એ પ્રમાણે [illegible] રહ્યું છે.

૭૫૩. निरपेक्षः स्याद् [illegible] ।

અર્થ– [illegible] અપેક્ષાએ [illegible] છે.
(કોઈની [illegible] નહીં)

૭૫૪ वर्णात्मकं पदम्, पदात्मकं सूत्रम्, सूत्र समूहः प्रकरणम्, प्रकरण समूहः शास्त्रम् । (સ્યાદ્વાદ રત્નાકર)

અર્થ– વર્ણાત્મક પદ છે, પદાત્મક સૂત્ર છે, સૂત્રનો સમૂહ તે પ્રકરણ છે અને પ્રકરણનો સમૂહ તે શાસ્ત્ર છે. ('ઘટ' એવું પદ ઘ વર્ણ અને ટ વર્ણથી બનેલું છે.)

૭૫૫. ज्ञानस्य प्रमेयाव्यभिचारित्वं प्रामाण्यमिति ।

અર્થ– પ્રમેય સાથે અવ્યભિચારીપણું તે જ્ઞાનનું પ્રામાણ્ય કહેવાય છે. (જે પ્રમેય જ્ઞાનનો વિષય) જે સ્વરૂપે હોય તેવા જ સ્વરૂપે તેને ગ્રહણ કરવું તે જ જ્ઞાનનું પ્રામાણ્ય છે.

૭૫૬. प्रमेय व्यभिचारित्वं च ज्ञानस्य स्वव्यतिरिक्तग्राह्यापेक्षयैव लक्षणीयम, स्वस्मिन् व्यभिचारित्वा सम्भवात्, तेन सर्वं ज्ञानं स्वापेक्षया प्रमाणमेव न प्रमाणभासः, वहिरर्थापेक्षया तु किंचित् प्रमाण किंचित्पुनस्तदाभासम् ।

(સ્યાદ્વાદ રત્નાકર)

અર્થ– જ્ઞાનનું પ્રમેય સાથે વ્યભિચારીપણું તે સ્વ (જ્ઞાન)થી ભિન્ન ગ્રાહ્ય (પ્રમેય) અપેક્ષાએ જાણવું. પોતાનામાં (જ્ઞાનમાં) વ્યભિચારીપણાનો અસંભવ છે તેથી સર્વ જ્ઞાન સ્વઅપેક્ષાએ પ્રમાણ જ છે, પ્રમાણાભાસ નથી, પરંતુ બાહ્ય પદાર્થની અપેક્ષાએ કોઇ જ્ઞાનનો અંશ પ્રમાણભૂત છે અને કોઇ જ્ઞાનનો અંશ અપ્રમાણભૂત છે.

૭૫૭. वस्तुतस्तु यथाभूतत-त्वार्थ श्रद्धानस्याऽपाय रूपत्वाद पायस्य च मतिज्ञानस्य भेद-त्वान्मति ज्ञानावरणीय क्षयोपशम क्षय-

कर्मेव सम्यक्त्वं, सम्यक्त्वस्य त्वाभ्यन्तरं कारणं मतिज्ञाना-वरणीय क्षयोपशमादि न तु दर्शनमोहोपशमादयः, दर्शनमोह-स्तु श्रद्धान लक्षण सम्यक्त्व अपायमतिज्ञानावरणीयादि क्षयोपशमस्वभावमाश्रित्य प्रतिबन्धकत्वमेति. यतः कारणस्य कारणे कार्योपचारात् दर्शनमोहोदय एव सम्यक्त्वस्य गुणस्य प्रतिबन्धकत्वेनोच्यते । यदा वरणीय इत्यादि यथा मतिज्ञानादि ज्ञानस्य तदावरणीयत्वं तत् तदावरणीयं, आवरणीय शब्देन निर्दिश्यते ज्ञानम् । तदन्तरं हि ज्ञान-दर्शनावरणीय प्रकृति कर्मणि तदावरणीय व्यवहारः प्राग् इति ।

(શ્રી સિદ્ધસેનસૂરિકૃત તત્ત્વાર્થાધિગમ ટીકાયા:)

અર્થ- વાસ્તવિક તો યથાર્થ તત્ત્વાર્થનું શ્રદ્ધાન એ જ અપાય રૂપ છે અને અપાય (નિશ્ચય) તે મતિ-જ્ઞાનનો ભેદ હોવાથી મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કે જે તદ્રૂપ જ સમ્યક્ત્વ છે, સમ્યક્ત્વનું અંતરંગ કારણ મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમાદિ છે, નહિ કે દર્શન મોહનીયના ઉપશમાદિ. દર્શન-મોહનીયનો ઉદય તો તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ જે સમ્ય-ક્ત્વ તેનો જનક જે મતિજ્ઞાનાવરણીયાદિનો ક્ષયો-પશમ કે રૂપ ગુણમાં પ્રતિબંધક (અટકાવ કરનાર) છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને દર્શન-મોહનીયના ઉદયને જ સમ્યક્ત્વ ગુણના પ્રતિબંધક તરીકે સ્વીકાર કરાય છે.

(દર્શન મોહનીયનો ક્ષયોપશમ મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમમાં કારણભૂત છે.)

પોતાનું રુચિ સ્વરૂપ (તત્ત્વરુચિરૂપ) જ્ઞાનનું જે

અર્થ - વિશેષજ્ઞાપનીય આદિતાઓ જ પરિહાર વિશુદ્ધિ ચારિત્રને યોગ્ય છે.

૭૬૭. उपशान्त मोहो मरणात् देवोत्तरो ।

અર્થ – ઉપશાંત મોહ ગુણઠાણે મરે તો અનુત્તર વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય.

૭૬૮. स्त्री परीषह. सत्कार परीषहश्च शीतपरीषहौ शीतौ. भाव-मनोऽनुकूलत्वात्, शेषास्तु पुनर्विंशतिरुष्णा ज्ञातव्या भवन्ति, मनसः प्रतिकूलत्वात् ।

અર્થ – સ્ત્રી પરીષહ અને સત્કાર પરિષહ એ બે ભાવ-મનને અનુકુલ હોવાથી શીત પરીસહો છે, જ્યારે બાકીના વીસ પરીસહો મનને પ્રતિકૂલ હોવાથી ઉષ્ણ પરીસહો છે.

૭૬૯. नातः परमहं मन्ये, जगतो दुःखकारणम् ।
यथाऽज्ञानमहारोगो, दुरन्त सर्वदेहिनाम् ॥

અર્થ – સર્વ શરીર ધારીઓને દુરંત એવો અજ્ઞાનરૂપી મહારોગ તેનાથી વધીને બીજું કોઈ દુ.ખનું કારણ હોય એવું હું માનતો નથી.

(આત્માનું અજ્ઞાન એ જ સર્વ દુઃખોની જડ છે.) आत्माज्ञानं भवं दुखं । યોગ શાસ્ત્રના ચોથા પ્રકાશમાં પૂ. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે–આત્માના અજ્ઞાનમાંથી દુઃખનો જન્મ થયો છે.

અનાદિકાળથી આ અજ્ઞાની જીવને એ ખબર નથી કે, " હુ કોણ છું ? અને મારૂં શું ? આ બે અણુ-

ઉદરમાં મરેલો જો ઉદરથી જાય તો દુઃખનો અંત
પણ ઉદરથી જાય તેમ છે.

૭૭૦. दुर्लभमवाप्य मनुष्यत्वं चारित्रपरिणामं च प्रमादो न कार्यः ।

અર્થ – દુર્લભ એવું પણ મનુષ્યત્વ કે ચારિત્રનું પરિણામ
પ્રાપ્ત કરીને ત્યાં પ્રમાદ ન કરવો.

૭૭૧. तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।
तोषणीयस्तथा स्वात्मा, किमन्यैस्तोषितैः ॥

અર્થ – જગન્નાથને, સદ્ગુરુને તથા પોતાના આત્માને પ્રસન્ન
કરવા લાયક છે, બીજાઓને ખુશ (પ્રસન્ન)
કરવાથી શું ?

૭૭૨. परमार्थदृशां ज्ञानदर्शनचारित्रलक्षणस्वधनव्यतिरिक्तं
शरीरादपि परायत्तम् ।

અર્થ – પરમાર્થ દૃષ્ટિવાળાઓને જ્ઞાન દર્શન ચારિત્રરૂપ
આત્મધનને છોડીને બીજું બધું શરીરાદિ પણ
પારકું જ દેખાય છે.

(નિશ્ચયદૃષ્ટિએ આત્મતત્ત્વ સિવાયનું શરીર, ધન, પુત્ર,
સ્ત્રી, પરિવાર, બંગલા, બગીચા વગેરે બધી વસ્તુઓ
પારકી દેખાય છે.)

૭૭૩. साधूनां हि तपः प्रतिज्ञा दुष्करी ।

અર્થ – સાધુઓને તપ કરીને ટકવી પ્રતિજ્ઞા દુષ્કર છે.

૭૭૪. न लोकाय कर्तव्या क्रियाणां, न च क्रियाः सा लोकानुरागः,
नहि लोकानुरागाय कुशलानि क्रियन्ते, न च कुशलानि क्रियन्ते
लोकानुरागाय, न च तो मूल्यं क्रिया, किन्तु स्वात्मनः स्व
परिणामो (कुशल क्रियाणां) क्रिया कर्तव्याः । तस्मात् स-

તેની સાથે ક્લેશ કજીયો પણ એવી ભાષા સમિતિએ બોલવી નહિ જોઈએ.)

૭૮૫. अकम्मणमोणो उवही उवहणई नाण दंसण चरित्तं ।

(આચારાંગ)

અર્થ– રાગાદિહીન ઉપધિ સાધુના જ્ઞાન દર્શન ચારિત્રનો નાશ કરે છે. (નુકશાન પહોંચાડે છે)

૭૮૬. जीवाः स्वतन्त्रा एव मिथ्यात्वाऽविरत्यादिभिः कर्म बध्नन्ति, परं तस्य कर्मण उदये ते जीवाः परवशाः भवन्तिः ।

અર્થ– જીવો સ્વતંત્ર રીતે જ મિથ્યાત્વ, અવિરતિ કષાયાદિ કારણોથી કર્મ બાંધે છે, પરંતુ તે બાંધેલા કર્મના ઉદયમાં તે કર્મ બાંધનારા જીવો કર્મસત્તાને પરતંત્ર બની જાય છે. અર્થાત્ જીવો કર્મ બાંધવામાં સ્વતંત્ર છે, પણ કર્મનાં ઉદય વખતે પરતંત્ર છે.

